સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **23** (05/06/22 to 11/06/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



# સામાજિક વિજ્ઞાન

PSI-ASI, કોન્સ્ટેબલ, બિન સચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC, UPSC, SSC, BANK તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.

ધોરણ ૬ થી ૧૦ (GCERT)ના નવા પાઠયપુસ્તક આધારિત

- ભારતનો ઈતિહાસ
- બંધારણ
- ભારતની ભૂગોળ
- કલા સંસ્કૃતિ
- વિશ્વનો ઈતિહાસ
- પર્યાવરણ
- વિશ્વની ભૂગોળ
- અર્થશાસ્ત્ર

6000+ વન લાઈનર પ્રશ્નો
600+ હેતુલક્ષી પ્રશ્નો




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**05 JUNE-2022**

- દિવસ મહિમા : 05 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ (World Environment Day) ..... 02
- તુર્કીનું નવું નામ 'તુર્કિયે' કરવામાં આવ્યું ..... 04
- પીએમ શ્રી શાળા (PM Shri Schools) ..... 05
- QUESTION ANSWERS ..... 06

**06 JUNE-2022**

- દિવસ મહિમા : 06 જૂન, રશિયન ભાષા દિવસ (Russian Language Day) ..... 07
- કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23 ..... 07
- ભારતે FIH હોકી 5-S ચેમ્પિયનશિપનું ટાઇટલ જીત્યું ..... 09
- સ્ટોકહોમ + 50 કોન્ફરન્સ (Stockholm + 50 Conference) ..... 10
- QUESTION ANSWERS ..... 13

**07 JUNE-2022**

- દિવસ મહિમા : 07 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day) ..... 14
- Ex-SAMPRITI-X અભ્યાસ : ભારત-બાંગ્લાદેશ) ..... 14
- INS નિશંક અને INS અક્ષયને નિવૃત્ત કરવામાં આવ્યા ..... 15
- QUESTION ANSWERS ..... 16

**08 JUNE-2022**

- દિવસ મહિમા : 08 જૂન, વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day), વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ (World Brain Tumor Day) ..... 17
- પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક-2022માં ભારત અંતિમ 180માં ક્રમે ..... 17
- FSSAI 'State Food Safety Index 2021-22' ..... 19
- QUESTION ANSWERS ..... 22

**09 JUNE-2022**

- મહારાષ્ટ્ર ફરી ખાંડનું ઉત્પાદન કરતું ટોચનું રાજ્ય ..... 23
- નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022 ..... 23
- જન સમર્થ પોર્ટલ (Jan Samarth Portal) ..... 24
- રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા (National Tribal Research Institute) ..... 26
- દિગ્ગજ મહિલા ક્રિકેટર સુશ્રી મિતાલી રાજે નિવૃત્તિની જાહેરાત કરી ..... 27
- QUESTION ANSWERS ..... 30

**10 JUNE-2022**

- ફ્રેન્ચ ઓપન-2022 (French Open-2022)) ..... 32
- એક્સ ખાન ક્વેસ્ટ 2022 અભ્યાસ ..... 34
- Sutstainable Development Report 2022 ..... 34
- QUESTION ANSWERS ..... 37

**11 JUNE-2022**

- QS World University Ranking-2023 ..... 38
- થાઈલેન્ડમાં મારિજુઆના/ગાંજાને કાયદેસર બનાવ્યું ..... 39
- QUESTION ANSWERS ..... 40

**ONE LINER** ..... 41

**QUESTION OF THIS WEEK** ..... 46


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 05 જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ (World Environment Day)



પર્યાવરણના સંરક્ષણ અને સુરક્ષા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 જૂનના રોજ ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી કરવામાં આવે છે.

- ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ને –

  (1) ECO Day અથવા તો

  (2) WED

  તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જેમાં WEDનું પૂરું નામ 'World Environment Day' છે.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ 1972માં સ્ટોકહોમ કોન્ફરન્સમાં ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત 5 જૂન, 1974ના રોજ પ્રથમ ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની ઉજવણી કરવામાં આવી હતી.
- 1974માં યોજાયેલા પ્રથમ ‘વિશ્વ પર્યાવરણ દિવસ’ની થીમ 'Only One Earth' (એટલે કે ફક્ત એક જ પૃથ્વી) હતી.

### વર્ષ 2022ની થીમ

વર્ષ 2022ની વિશ્વ પર્યાવરણ દિવસની થીમ પણ 'Only One Earth' જ છે.

- આ થીમ UNEP એટલે કે 'United Nations Environment Programme' દ્વારા જાહેર કરવામાં આવી છે.
- વર્ષ 2022ની થીમ પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસની થીમનો સંદર્ભ આપે છે.
- દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ચોક્કસ થીમ અને સ્લોગન સાથે કરવામાં આવે છે જે તે સમયની મુખ્ય પર્યાવરણીય ચિંતાનો ઉલ્લેખ કરે છે.

નોંધ: (1) આ ઉપરાંત અલગ અલગ દેશો દ્વારા પણ વિવિધ થીમ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

(2) વર્ષ 2022 એ એક ઐતિહાસિક સીમા ચિહ્નરૂપ છે કારણ કે તે 1972ની સ્ટોકહોમ કોન્ફરન્સના 50 વર્ષ પૂર્ણ કરે છે.

(3) વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભારતે ‘પર્યાવરણ માટે જીવનશૈલી આંદોલન’ (Lifestyle for the Environment (Life) Movement) શરૂ કર્યુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ પર્યાવરણ દિવસની થીમ

| ક્રમ | વર્ષ | થીમ |
|---|---|---|
| 1 | 2022 | Only One Earth |
| 2 | 2021 | Ecosystem Restoration |
| 3 | 2020 | Biodiversity |
| 4 | 2019 | Air Pollution |
| 5 | 2018 | Beat Plastic Pollution |

## વર્ષ 2022નો યજમાન દેશ

વર્ષ 1987થી 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી જુદા–જુદા દેશોના યજમાન પદ હેઠળ કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2022ની 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ સ્વીડન છે.

## 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીના યજમાન દેશ

| ક્રમ | વર્ષ | યજમાન દેશ |
|---|---|---|
| 1 | 2022 | સ્વીડન |
| 2 | 2021 | પાકિસ્તાન |
| 3 | 2020 | કોલમ્બિયા (તથા જર્મની) |
| 4 | 2019 | ચીન |
| 5 | 2018 | ભારત |
| 6 | 2017 | કેનેડા |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## Lifestyle for the Environment (Life) Movement

વર્ષ 2021માં ગ્લાસગોમાં યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેન્ટ ચેન્જ કોન્ફરન્સ (COP 26) દરમિયાન ભારત દ્વારા LIFEનો વિચાર રજૂ કરવામાં આવ્યો હતો.

- આ વિચાર પર્યાવરણને લગતી જાગૃત જીવનશૈલીને પ્રોત્સાહન આપે છે કે જે 'અજ્ઞાન અને બગાડ'ને બદલે 'સભાન અને ઈરાદાપૂર્વક ઉપયોગ'ના સિદ્ધાંત પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- મિશનની શરૂઆત સાથે પ્રવર્તમાન 'ઉપયોગ અને નિકાલ' અર્થતંત્ર, આડેધડ અને વિનાશક વપરાશ અને વહીવટને ચક્રીય અર્થતંત્ર દ્વારા બદલવામાં આવશે, જેને 'સભાન અને સ્વ–ઉપયોગ' દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવશે.

- આ ચળવળનો ઉદ્દેશ સામૂહિક પગલાંની શક્તિનો ઉપયોગ કરવાનો છે અને વિશ્વભરના લોકોને તેમના રોજિંદા જીવનમાં સરળ આબોહવા–મૈત્રીપૂર્ણ પગલાં લેવા માટે પ્રેરણા આપવાનો છે.
- આ મિશન વ્યક્તિઓના વૈશ્વિક નેટવર્કનું નિર્માણ અને સંવર્ધન કરવાની યોજના ધરાવે છે, જેનું નામ છે 'પ્રો–પ્લેનેટ પીપલ' (P3).
- P3 પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી અપનાવવા અને તેને પ્રોત્સાહન આપવા માટે સહિયારી પ્રતિબદ્ધતા ધરાવશે.

## તુર્કીનું નવું નામ 'તુર્કિયે' કરવામાં આવ્યું

સંયુક્ત રાષ્ટ્રમાં તુર્કી હવે તુર્કિયે (Turkiye) તરીકે ઓળખાશે.

- યુનાઈટેડ નેશન્સે તુર્કીનું નામ બદલીને તુર્કિયે કરવાની સત્તાવાર વિનંતીને મંજૂરી આપી દીધી છે.
- આ નામ વર્ષ 2021માં પસંદ કરવામાં આવ્યું હતું તથા ફેબ્રુઆરી 2022માં તુર્કીના રાષ્ટ્રપતિ શ્રી રેસપ તૈયપની આગેવાની હેઠળની તુર્કીની સરકારે રાષ્ટ્રનું નામ બદલીને 'તુર્કિયે' કરવાનો નિર્ણય લીધો હતો.
- આ પગલાંને મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે દેશની ઈમેજ સુધારવા અને દેશના ઈતિહાસને તેના નામ સાથે જોડાવાનો છે.
- તુર્કીના રાષ્ટ્રપતિના જણાવ્યા અનુસાર 'તુર્કિયે' નામ દેશની સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે. અને રાષ્ટ્રના મૂલ્યોનું શ્રેષ્ઠ રીતે વર્ણન કરે છે.
- રાષ્ટ્ર માટેના આ નામનો ઉપયોગ તમામ આર્થિક પ્રવૃત્તિઓ અને આંતરરાષ્ટ્રીય વાટાઘાટો અને પત્રવ્યવહારમાં કરવામાં આવશે.
- આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય વ્યાપારી પ્રવૃત્તિઓમાં આ નામનો ઉપયોગ તેને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ બનાવવામાં પણ મદદ કરશે.
- નોંધનીય છે કે તુર્કીને 'તુર્કિક ભાષા'માં તુર્કિયે નામથી ઓળખવામાં આવે છે.
- ઘણા સમય પહેલાં વસાહતી શાસન દરમિયાન દેશને લેટિનમાં 'તુર્કી' તરીકે હુલામણુ નામ આપ્યું હતું.

નોંધ: (1) તુર્કી સરકારે રિ–બ્રાન્ડિંગ અભિયાન શરૂ કર્યુ છે જે અંતર્ગત નિકાસ કરવામાં આવતી તમામ પ્રોડક્ટ્સ પર 'મેડ ઈન તુર્કિયે' દર્શાવવામાં આવશે.

(2) ટેગલાઈન તરીકે 'હેલો તુર્કિયે' સાથે સરકાર દ્વારા પ્રવાસન અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પીએમ શ્રી શાળા (PM Shri Schools)



કેન્દ્ર સરકાર વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવાના ઉદ્દેશ્ય સાથે અત્યાધુનિક 'પીએમ શ્રી શાળાઓ' (PM Shri Schools) સ્થાપવાનું આયોજન કરી રહી છે.

- અને આ શાળાઓ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ની પ્રયોગશાળા તરીકે સેવા આપશે.
- ગુજરાતના ગાંધીનગરમાં બે દિવસીય રાષ્ટ્રીય શિક્ષણ મંત્રીઓની પરિષદને સંબોધતા શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાને 'PM શ્રી શાળાઓ'ની જાહેરાત કરી હતી.
- 32 કેન્દ્રશાસિત પ્રદેશ/રાજ્યોના શિક્ષણ મંત્રીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો જ્યારે તમિલનાડુએ બેઠકનો બહિષ્કાર કર્યો હતો.

### PM શ્રી શાળાઓની રચના શું હશે ?

શિક્ષણમંત્રીશ્રીએ પ્રારંભિક બાળપણ દેખભાળ અને શિક્ષણ કાર્યક્રમ (Early Childhood Care and Education Programme-ECCE), પુખ્ત શિક્ષણ, શાળા શિક્ષણ સાથે કૌશલ્ય વિકાસને એકીકૃત કરવા અને માતૃભાષાઓમાં શિક્ષણને પ્રાધાન્ય આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

- આ એવા પગલાં છે જે 21મી સદીના વૈશ્વિક નાગરિકોને તાલીમ આપવા માટે જરૂરી છે.
- વધુમાં તે હાઈલાઈટ કરવામાં આવ્યું હતું કે કોન્ફરન્સમાં માળખાગત રીતે તમામ રાજ્યના શિક્ષણ મંત્રીઓના અનુભવો અને જ્ઞાનની વહેંચણી NEP 2020ની અનુરૂપ દેશના શિક્ષણના લેન્ડસ્કેપને ઉત્થાન આપવામાં મદદ કરશે.
- PM શ્રી શાળાઓ દેશભરમાં શિક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવામાં પણ મદદ કરશે.
- PM શ્રી શાળાઓ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની પ્રયોગશાળા હશે જે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે સંપૂર્ણ રીતે સજ્જ હશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 જૂનના રોજ કયો દિવસ ઉજવાય છે ?

(A) વિશ્વ વન દિવસ (B) વિશ્વ વન્યપ્રાણી દિવસ

(C) વિશ્વ પર્યાવરણ દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(C)**

2. 'વિશ્વ પર્યાવરણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 જૂન (B) 3 જૂન (C) 5 જૂન (D) 7 જૂન **(C)**

3. UNEP દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2022ની 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની થીમ શું છે ?

(A) Only one Earth (B) Air Pollution (C) A tree or peace (D) Biodiversity **(A)**

4. 'વિશ્વ પર્યાવરણ દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તેને ECO Day અથવા તો WED તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સૌપ્રથમ 1972માં તેની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
3. સૌપ્રથમ 5 જૂન, 1974ના રોજ તેની ઉજવણી કરવામાં આવી હતી.
4. પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસની થીમ 'Only One Earth' હતી.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 3 અને 4 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. વર્ષ 2022નો 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણીનો યજમાન દેશ કયો છે ?

(A) કંબોડિયા (B) ઝામ્બિયા (C) મોઝોમ્બિક (D) સ્વીડન **(D)**

6. તાજેતરમાં તુર્કીએ તેના દેશનું નામ બદલીને શું રાખ્યું છે ?

(A) તુર્કિયે (B) ટાર્કીશ (C) તુર્કેની (D) ધ તુર્કી વેસ્ટ **(A)**

7. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા પ્રસ્તાવિત નવી મોડેલ શાળાઓનું નામ શું છે. જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)ની પ્રયોગશાળા તરીકે સેવા આપશે ?

(A) શ્રેષ્ઠ શાળા (B) PM શ્રી શાળા (C) ભારત શાળા (D) ઉપરોક્ત તમામ **(B)**

## દિવસ મહિમા : 06 જૂન, રશિયન ભાષા દિવસ (Russian Language Day)

## કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્યના 14 આદિજાતિ જિલ્લાઓના 1 લાખ 23 હજાર આદિવાસી ખેડૂતો માટે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23' અન્વયે ખાતર–બિયારણ કિટ્સ વિતરણનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી બેલ્ટમાં વસતા આદિજાતિ ખેડૂતોની ખેતમાં આવકમાં વધારો કરી ખેતી વૈવિધ્યપૂર્ણ અને સસ્ટેનેબલ બનાવવાની નેમ વ્યક્ત કરી છે.

### 14 આદિજાતિ જિલ્લામાં કોનો સમાવેશ થાય છે ?

ગુજરાતના 14 આદિજાતિ જિલ્લા અથવા તો આદિવાસી બેલ્ટમાં નીચે મુજબના જિલ્લાઓનો સમાવેશ થાય છે :

| | | | | |
|---|---|---|---|---|
| (1) સાબરકાંઠા | (2) બનાસકાંઠા | (3) અરવલ્લી | (4) મહિસાગર | (5) દાહોદ |
| (6) પંચમહાલ | (7) છોટાઉદેપુર | (8) નર્મદા | (9) ભરૂચ | (10) સુરત |
| (11) નવસારી | (12) તાપી | (13) વલસાડ | (14) ડાંગ | |

### કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23ની વિશેષતા

કૃષિ વૈવિધ્યકરણની આ યોજના અંતર્ગત આ વર્ષે ખરીફ સિઝન માટે ઉત્તર અને મધ્ય ગુજરાતના સાત જિલ્લાના 75,000 જેટલા આદિજાતિ ધરતીપુત્રોને મકાઈનું બિયારણ અને ખાતર કિટ વિતરણ કરાશે.

- દક્ષિણ ગુજરાતના 7 જિલ્લાઓના અંદાજે 48,000 લાભાર્થીઓને સુધારેલા શાકભાજીના બિયારણ ખાતર કિટ વિતરણ કરાશે.
- આ વર્ષથી ઓનલાઈન પોર્ટલ પર આદિજાતિ લાભાર્થી ખેડૂતોની નોંધણી કરવામાં આવી છે.
- આદિજાતિ ખેડૂતોને હવે કચેરી સુધી અરજી માટે જવું ના પડે તેમજ ઘરે બેઠા પોતાની અરજીની વિગતો જાણી શકે તેવી આ પારદર્શી પદ્ધતિમાં રજીસ્ટ્રેશનથી લઈને લાભ મંજૂરી સુધી સમગ્ર બાબતો ઓનલાઈન કરવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે ડાંગ જિલ્લો સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બન્યો છે તેનો ઉલ્લેખ કરતા કૃષિ વૈવિધ્યકરણ સાથે સાથે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા પણ આદિજાતિ ખેડૂતોને આહવાન કર્યુ હતું.
- રાજ્ય સરકાર દ્વારા 2012થી અમલમાં આવેલી આ યોજનામાં દર વર્ષે રૂ. 30 થી 35 કરોડના ખર્ચે અંદાજે 1 લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવે છે.
- આ 14 આદિજાતિ જિલ્લાઓમાં અત્યાર સુધીમાં આવા 11.69 લાખ ખેડૂતોને યોજનાકીય લાભ અપાયો છે.

## ઉદ્દેશ

કૃષિ વૈવિધ્યકરણ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને ઉચ્ચકક્ષાનું બિયારણ, ખાતર અને સંબંધિત તાલીમની ઉપ્લબ્ધિ કરવાનો છે.

## ભાગીદર સંસ્થા

(1) કૃષિ સેવા ઉપલબ્ધકારો

(2) ફર્ટિલાઈઝર કંપનીઓ

(3) કૃષિ યુનિવર્સિટીઓ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ સાથે રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં 143 આશ્રમ શાળાઓને મકાન બાંધકામ માટે રૂ. 83.96 કરોડનું પ્રોત્સાહક અનુદાન પણ એટ સિંગલ ક્લીક અર્પણ કર્યુ હતું.

(2) નોંધનીય છે કે જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં વસતા આદિજાતિ બાળકોને શિક્ષણની સુવિધા આપવા રાજ્ય સરકારે આવી આશ્રમ શાળાઓ શરૂ કરેલી છે.

(3) આદિજાતિ વિભાગ હેઠળની રાજ્યભરની 661 આશ્રમ શાળાઓમાં અંદાજે 91 હજારથી વધુ આદિજાતિ બાળકોને રહેવા, જમવાની સગવડ સાથે ધોરણ 1 થી 12નું શિક્ષણ વિનામૂલ્યે અપાય છે.

## ભારતે FIH હોકી 5-S ચેમ્પિયનશિપનું ટાઈટલ જીત્યું

પ્રથમ વખત આયોજિત ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH) 5-S ચેમ્પિયનશિપનું ટાઈટલ ભારતે જીત્યું છે.

- 5 જૂન, 2022ના રોજ સ્વિત્ઝર્લેન્ડના લોસાન/લૌઝેન (Lausnne)માં રમાયેલી ફાઈનલ મેચમાં પોલેન્ડને 6-4 થી હરાવીને ભારતે આ ટાઈટલ જીત્યું છે.
- નોંધનીય છે કે ભારતીય ટીમ ટુર્નામેન્ટમાં એકપણ મેચ હારી નથી.
- પાંચ ટીમોની આ ટુર્નામેન્ટમાં ભારત 10 પોઈન્ટ સાથે લીગ મેચોમાં પ્રથમ સ્થાને છે.
- હોકી 5-S એ ઉચ્ચ ગતિ અને ઉચ્ચ કૌશલ્ય સાથે રમાતી હોકીનું નવું અને ટૂંકું સંસ્કરણ છે.
- કુલ 20 મિનિટની આ મેચમાં બંને ટીમોમાં પાંચ–પાંચ ખેલાડીઓ હોય છે.
- નોંધનીય છે કે ચીનના નાનજિંગમાં 2014 યુથ ઓલિમ્પિક્સ ગેમ્સમાં પ્રથમ વખત હોકી 5-S મેચ યોજાઈ હતી.
- તે FIHના ટૂંકા ફોર્મેટ દ્વારા હોકીને લોકપ્રિય બનાવવાના અભિયાનનો એક ભાગ છે.
- આ ટૂંકા ફોર્મેટ માટે રમતનું ક્ષેત્ર નિયમિત ક્ષેત્રના કદ કરતા અડધુ છે, જો કે તે સ્પર્ધા પર પણ આધાર રાખે છે.
- FIHના નિયમો અનુસાર હોકી 5-S ટર્ફ માટે મહત્તમ કદ 55×42 મીટર હશે. જ્યારે લઘુત્તમ કદ 40×28 મીટર હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# સ્ટોકહોમ + 50 કોન્ફરન્સ (Stockholm + 50 Conference)



તાજેતરમાં સ્વીડનના સ્ટોકહોમ ખાતે 2 થી 3 જૂન દરમિયાન 'સ્ટોકહોમ + 50' કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ કોન્ફરન્સનું આયોજન પ્રથમ સભાના 50 વર્ષ પૂરા થયાની યાદમાં કરવામાં આવ્યું હતું.
- આ આંતરરાષ્ટ્રીય બેઠકનું આયોજન 'સંયુક્ત રાષ્ટ્ર મહાસભા' દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ કોન્ફરન્સમાં વિશ્વભરના વૈજ્ઞાનિકો, સંશોધકો અને કાર્યકરો એકઠા થયા હતા.
- તેઓએ અશ્મિભૂત ઈંધણને તબક્કાવાર દૂર કરવા તેમજ વિકાસશીલ દેશોને સ્વચ્છ ઊર્જા તરફના સંક્રમણમાં ટેકો આપવાની ચર્ચા કરી હતી.

## સ્ટોકહોમ કોન્ફરન્સ, 1972

### પૃષ્ઠભૂમિ

વર્ષ 1968માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં ઉભરતા વૈજ્ઞાનિક પુરાવાઓનો ઉપયોગ કરીને આબોહવા પરિવર્તનની પ્રથમ ચર્ચા કરવામાં આવી હતી.

- સ્ટોકહોમ કોન્ફરન્સનો વિચાર સૌપ્રથમ સ્વીડન દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો.
- આથી તેને 'સ્વીડિશ પહેલ' પણ કહેવામાં આવે છે.

### પરિચય

વર્ષ 1972માં 5 થી 6 જૂન દરમિયાન સ્ટોકહોમમાં માનવ પર્યાવરણ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદ યોજાઈ હતી.

- તે ગ્રહીય પર્યાવરણ પર પ્રથમ વૈશ્વિક સંમેલન હતું.
- તેની થીમ 'Only One Earth' હતી.
- આ કોન્ફરન્સમાં 122 દેશોએ ભાગ લીધો હતો.

### લક્ષ્ય

ગ્રહીય પર્યાવરણ અને કુદરતી સંસાધનો માટે એક સામાન્ય શાસન માળખું બનાવવું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્ટોકહોમ ઘોષણા અને માનવ પર્યાવરણ માટે કાર્યયોજના

(1) સ્ટોકહોમ ઘોષણા :

- 122 સહભાગી દેશોમાંથી, 70 વિકાસશીલ અને ગરીબ દેશોએ સ્ટોકહોમ ઘોષણા સ્વીકારી હતી.
- સ્ટોકહોમ ઘોષણામાં 26 સિદ્ધાંતો છે જે વિકસિત અને વિકાસશીલ દેશો વચ્ચે સંવાદની શરૂઆત દર્શાવે છે.
- તેણે 'વિકાસ, ગરીબી અને પર્યાવરણ વચ્ચેનો આંતરસંબંધ' બનાવ્યો.

(2) કાર્ય યોજના :

- એક્શન પ્લાનમાં ત્રણ મુખ્ય કેટેગરીઓને સમાવેશ થતો હતો જેને આગળ 109 ભલામણોમાં વિભાજિત કરવામાં આવી હતી :
  - (a) ગ્લોબલ એન્વાયર્નમેન્ટલ એસેસમેન્ટ પ્રોગ્રામ (વોચ પ્લાન)
  - (b) પર્યાવરણીય વ્યવસ્થાપન પ્રવૃત્તિઓ
  - (c) રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કરવામાં આવતી મૂલ્યાંકન અને સંચાલન પ્રવૃત્તિઓને સમર્થન આપવા માટેના આંતરરાષ્ટ્રીય પગલાં.

## કોન્ફરન્સના ત્રણ પરિમાણો

કોન્ફરન્સના ત્રણ પરિમાણો નીચે મુજબના હતા :

(1) દેશો 'એકબીજાના પર્યાવરણ અથવા રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની બહારના વિસ્તારોને નુકસાન ન પહોંચાડવા' સંમત થયા હતા.

(2) પૃથ્વીના પર્યાવરણીય જોખમોનો અભ્યાસ કરવા માટે એક કાર્ય યોજના

(3) દેશો વચ્ચે સહકાર સ્થાપિત કરવા માટે 'સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ' (UNEP) નામની આંતરરાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે
CPT
Computer Proficiency Test
• MS Office-2013
• Word (Tender Notice & All Formatting)
• Excel (Salary, MarkSheet, Chart, Functions)
• Power Point (Slide Presentation)
ફ્રી
નવી બેચ
સવારે 11 થી 1
નવી પરીક્ષા પદ્ધતિ અનુસાર CPT ની સંપૂર્ણ તૈયારી
છેલ્લી વર્ગ-3ની ભરતીઓમાં CPTમાં ICEના 250 થી વધુ સફળ ઉમેદવારો
રજિસ્ટ્રેશન ફરજિયાત
93757-01110 / 93280-01110
સદ્‌ગુરૂ શોપિંગ સેન્ટર, બીજો માળ,
સ્વામીનારાયણ મંદિર પાસે,
કાલાવડ રોડ, રાજકોટ.
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
Offline રાજકોટ

## સ્ટોકહોમ ઘોષણાના મુખ્ય કરારો

(a) હવા, પાણી, જમીન, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ જેવા કુદરતી સંસાધનો વર્તમાન અને ભાવિ પેઢીના લાભ માટે સાવચેતીપૂર્વક આયોજન કરીને સુરક્ષિત કરવા જોઈએ.

(b) ઝેરી પદાર્થોને દૂર કરવા અને ગરમીના ઉત્સર્જનને પર્યાવરણની ક્ષમતા કરતા વધુ ન થવા દેવી જોઈએ.

(c) પ્રદુષણ સામેની લડાઈમાં ગરીબ અને વિકાસશીલ દેશોને ટેકો આપવો જોઈએ.

(d) રાજ્યની પર્યાવરણ નીતિઓને વિકાસશીલ દેશોની વર્તમાન અથવા ભાવિ વિકાસની સંભાવનાઓને સમર્થન આપવું જોઈએ.

(e) પર્યાવરણીય પગલાંના અમલીકરણના પરિણામે સંભવિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આર્થિક પરિણામોને પહોંચી વળવા કરાર સુધી પહોંચવા માટે રાજ્યો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા યોગ્ય પગલાં લેવા જોઈએ.

(f) સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતો અનુસાર રાજ્યોને તેમની પર્યાવરણીય નીતિઓ હેઠળ તેમના સંસાધનોનું શોષણ કરવાનો સાર્વભૌમ અધિકાર છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્ટોકહોમ, 1972નું મહત્ત્વ

પર્યાવરણ પર સૌપ્રથમ વૈશ્વિક પરિષદ ત્યારે યોજાઈ જ્યારે પર્યાવરણ કોઈ પણ રાષ્ટ્ર માટે વૈશ્વિક ચિંતા કે મહત્વનો વિષય ન હતો.

- આ પહેલા યુ.એન ચાર્ટરમાં ક્યારેય પર્યાવરણના ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.
- વર્ષ 1972 સુધી કોઈપણ દેશમાં પર્યાવરણ મંત્રાલય ન હતું.
- પાછળથી નોર્વે અને સ્વીડન જેવા દેશોએ પર્યાવરણ માટે પોતાના મંત્રાલયોની સ્થાપના કરી હતી.
- વર્ષ 1985માં ભારતે પર્યાવરણ અને વન મંત્રાલયની સ્થાપના કરી હતી.
- 1972 પછી પ્રજાતિઓના લુપ્તતા અને પારાના ઝેર જેવા પર્યાવરણીય મુદ્દાઓએ હેડલાઈન્સ બનાવવાનું શરૂ કર્યુ અને જાહેર ચેતનામાં વધારો કર્યો.
- સ્ટોકહોમ કોન્ફરન્સે સમકાલીન 'પર્યાવરણ યુગ'ની શરૂઆત કરી હતી.
- પર્યાવરણીય કટોકટી પરની આજની ઘણી પરિષદો સ્ટોકહોમ ઘોષણાથી તેમના મૂળને શોધી કાઢે છે.

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'રશિયન ભાષા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન **(B)**

2. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23'નો ..........થી વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો.

(A) ગાંધીનગર (B) રાજકોટ (C) નવસારી (D) પાલનપુર **(A)**

3. તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'કૃષિ વૈવિધ્યકરણ યોજના 2022-23' અન્વયે ખાતર–બિયારણ કિટ્સ વિતરણનો ગાંધીનગરથી વર્ચ્યુઅલ રીતે પ્રારંભ કરાવ્યો હતો. આ યોજના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાના લાભાર્થીમાં ગુજરાતના 14 આદિજાતિ જિલ્લા અથવા આદિવાસી બેલ્ટના લાભાર્થીનો સમાવેશ થાય છે.
2. આ યોજનાનો ઉદ્દેશ્ય ખેડૂતોને ઉચ્ચકક્ષાનું બિયારણ, ખાતર અને સંબંધિત તાલીમની ઉપલબ્ધી કરાવવાનો છે.
3. આ યોજના અંતર્ગત ખેડૂતોને ટ્રેક્ટર, માટે લોન અને વીજળીનું 50 ટકા બિલ માફ કરવામાં આવશે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(B)**

4. તાજેતરમાં પ્રથમ વખત આયોજિત ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH) 5-S ચેમ્પિયનશિપનું ટાઈટલ કયા દેશે જીત્યું છે ?

(A) ભારત (B) પોલેન્ડ (C) ચીન (D) પાકિસ્તાન **(A)**

5. તાજેતરમાં 'સ્ટોકહોમ + 50 કોન્ફરન્સ' (Stockholm + 50 Conference)નું આયોજન કયા દેશમાં થયું હતું ?

(A) ચીન (B) જાપાન (C) સ્વીડન (D) ઓસ્ટ્રેલિયા **(C)**

6. તાજેતરમાં સ્ટોકહોમ કોન્ફરન્સના 50 વર્ષ પૂર્ણ થયા છે. કયા વર્ષે પર્યાવરણ સંબંધિત પ્રથમ સ્ટોકહોમ કોન્ફરન્સ યોજાઈ હતી ?

(A) 1972 (B) 1974 (C) 1976 (D) 1978 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 07 જૂન, વિશ્વ અન્ન સુરક્ષા દિવસ (World Food Safety Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 7 જૂનના રોજ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો ઉદ્દેશ વિશ્વમાં ફૂડ કટોકટી અંગે જાગૃતિ ફેલાવવાનો છે. જેથી અન્નજન્ય રોગોને કારણે થતા મૃત્યુ ઘટાડી શકાય.
- આ અગાઉ 7 જૂન, 2019ના રોજ પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- આ અતંર્ગત વર્ષ 2022માં ચોથા 'વર્લ્ડ ફૂડ સેફટી દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- સંયુક્ત રાષ્ટ્ર અને FAO દ્વારા ડિસેમ્બર 2018માં આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2022ના 'વિશ્વ અન્ન સુરક્ષા'દિવસની થીમ 'Safer Food, Better health' છે.

નોંધ: 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' 7 જૂનના રોજ ઉજવાય છે, જ્યારે 'વિશ્વ અન્ન દિવસ' (World Food Day)ની ઉજવણી દર વર્ષે 16 ઓક્ટોબરના રોજ કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Ex-SAMPRITI-X અભ્યાસ : ભારત-બાંગ્લાદેશ



ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંયુક્ત લશ્કરી કવાયત 'Ex-SAMPRITI-X' 5 જૂન, 2022 થી બાંગ્લાદેશના જશોર મિલિટરી સ્ટેશન ખાતે શરૂ થઈ હતી.

- તે 16 જૂન, 2022ના રોજ પૂર્ણ થઈ હતી.
- Ex-SAMPRITI-X બંને સેનાઓ વચ્ચે આંતરકાર્યક્ષમતાને મજબૂત કરવા અને એકબીજાની ઓપરેશનલ તકનીકો અને વ્યૂહાત્મક અભ્યાસોને સમજવાના ઉદ્દેશ્ય સાથે હાથ ધરવામાં આવે છે.
- આ અભ્યાસમાં ભારતીય ટૂકડીનું પ્રતિનિધિત્વ ડોગરા રેજિમેન્ટની બટાલિયન દ્વારા કરવામાં આવી રહ્યું છે.
- આ અભ્યાસ અથવા કવાયત દરમિયાન ભારત અને બાંગ્લાદેશની સેનાઓ સંયુક્ત રાષ્ટ્રના આદેશ હેઠળ માનવતવાદી સહાય અને આપત્તિ રાહત, આતંકવાદ વિરોધી, વગેરેમાં કુશળતા પ્રદાન કરશે.
- આ એક મહત્ત્વપૂર્ણ દ્વિપક્ષીય સંરક્ષણ સહયોગ છે, જે બંને દેશો દ્વારા રોટેશનલ ધોરણે હાથ ધરવામાં આવે છે.

# INS નિશંક અને INS અક્ષયને નિવૃત્ત કરવામાં આવ્યા

ભારતીય નૌકાદળના જહાજો INS નિશંક અને INS અક્ષયને 32 વર્ષની શાનદાર સેવા બાદ સેવાનિવૃત્ત (અથવા ડિકમિશનિંગ) કરવામાં આવ્યા છે.

- ડિકમિશનિંગ ઈવેન્ટ મુંબઈના નેવલ ડોકયાર્ડ ખાતે યોજાઈ હતી.
- પરંપરાગત સમારોહમાં રાષ્ટ્રધ્વજ, નૌકાદળનું ચિહ્ન અને જહાજોના ડિકમિશનિંગ પેનન્ટને છેલ્લી વખત સૂર્યાસ્ત સમયે નીચે ઉતારવામાં આવ્યા હતા.
- INS નિશંક 12 સપ્ટેમ્બર, 1989ના રોજ કાર્યરત થયું હતું.
- જ્યારે બીજી તરફ INS અક્ષય 10 ડિસેમ્બર, 1990ના રોજ પોટી, જ્યોર્જિયા ખાતે કાર્યરત થયું હતું.
- INS નિશંક 22 મિસાઈલ વેસલ સ્ક્વોડ્રનનો ભાગ હતો, જ્યારે INS અક્ષય મહારાષ્ટ્ર નેવલ એરિયાના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગના ઓપરેશનલ કંટ્રોલ હેઠળ 23 પેટ્રોલ વેસલ સ્ક્વોડ્રનનો ભાગ હતો.
- તેઓ 32 વર્ષથી વધુ સમયથી સેવામાં હતા.
- આ સમય દરમિયાન તેમણે કારગીલ યુદ્ધ દરમિયાન ઓપરેશન તલવાર અને 2001માં ઓપરેશન પરાક્રમ સહિત અનેક નેવલ ઓપરેશન્સમાં ભાગ લીધો હતો.

## INS નિશંક (K43)



INS નિશંક એ 56 મીટર (184 ફૂટ) લંબાઈ ધરાવતી વીર વર્ગની કોર્વેટ છે.

- તે 32 નોટિકલ માઈલ (59 કિ.મી/કલાક)ની ઝડપે 1650 માઈલ (2660 કિ.મી)ની રેન્જ સુધી પહોંચી શકે છે.

## INS અક્ષય



INS અક્ષય ભારતીય નૌકાદળના નીચેના જહાજોનો ઉલ્લેખ કરે છે :

(1) INS અક્ષય (P3136) :

આ એક અજય–કલાસ પેટ્રોલિંગ જહાજ છે જે 1962માં કાર્યરત થયું હતું. વર્ષ 1973માં તેમને બાંગ્લાદેશને આપવામાં આવ્યું હતું. જ્યાં તેણે BNS પદ્મ તરીકે સેવા આપી હતી.

(2) INS અક્ષય (P35) :

– તે 1990માં શરૂ કરાયેલ અભય ક્લાસ કોર્વેટ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' અથવા તો 'વર્લ્ડ ફૂડ સેફટી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 જૂન (B) 6 જૂન (C) 7 જૂન (D) 8 જૂન (C)

2. 'વિશ્વ અન્ન દિવસ' અથવા તો 'વર્લ્ડ ફૂડ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 જૂન (B) 16 ઓગસ્ટ (C) 16 ઓક્ટોબર (D) 16 નવેમ્બર (C)

3. તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'Ex- SAMPRITI-X' અભ્યાસ યોજાયો હતો ?

(A) બાંગ્લાદેશ (B) શ્રીલંકા (C) જાપાન (D) સિંગાપોર (A)

4. તાજેતરમાં ભારતીય નૌકાદળના જહાજો INS નિશંક અને INS અક્ષયને નિવૃત કરવામાં આવ્યા છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. INS નિશંક 12 સપ્ટેમ્બર, 1989ના રોજ કાર્યરત થયું હતું.
2. INS અક્ષય 10 ડિસેમ્બર, 1990ના રોજ પોટી, જ્યોર્જિયા ખાતે કાર્યરત થયું હતું.
3. INS નિશંક 22 મિસાઈલ વેસેલ સ્ક્વોડ્રનનો ભાગ હતો.
4. INS અક્ષય મહારાષ્ટ્ર નેવલ એરિયાના ફ્લેગ ઓફિસર કમાન્ડિંગના ઓપરેશન કંટ્રોલ હેઠળ 23 પેટ્રોલ વેસેલ સ્ક્વોડ્રનનો ભાગ હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2,3 અને 4 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 08 જૂન, (1) વિશ્વ સમુદ્ર દિવસ (World Oceans Day)
## (2) વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ (World Brain Tumor Day)

### વિશ્વ સમુદ્ર દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે <u>8 જૂન</u> ના રોજ <u>'વિશ્વ સમુદ્ર દિવસ'</u> અથવા તો <u>'વિશ્વ મહાસાગર દિવસ'</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવ જીવનમાં મહાસાગરોના મહત્ત્વ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.
- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ <u>2009</u>થી થયો હતો.
- વર્ષ 2022ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ <u>'Revitalization : Collective Action for the Ocean'</u> છે.

## પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક-2022માં ભારત અંતિમ 180માં ક્રમે

તાજેતરમાં બહાર પાડવામાં આવેલા <u>'પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક–2022'</u> <u>(Environment Performance Index 2022)</u>માં 180 દેશોમાંથી <u>ભારત</u> અંતિમ <u>180માં</u> ક્રમે છે.

- આ ઈન્ડેક્સમાં <u>ડેનમાર્ક</u> <u>પ્રથમ ક્રમાંક</u> ધરાવે છે.
- ત્યારબાદ <u>યુનાઈટેડ કિંગ્ડમ બીજા</u> અને <u>ફિનલેન્ડ ત્રીજા ક્રમે</u> છે.
- જે બંનેએ તાજેતરના વર્ષોમાં ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઘટાડવા માટે ઉચ્ચ સ્કોર મેળવ્યા છે.
- <u>18.9</u>ના સ્કોર સાથે <u>ભારત અંતિમ 180માં</u> ક્રમે છે.
- નોંધનીય છે કે EPI 2020માં ભારત 26.6ના સ્કોર સાથે 168માં ક્રમે હતું.

## Environment Performance Index-2022

| રેન્ક | દેશ | EPI સ્કોર |
|---|---|---|
| 1 | ડેનમાર્ક | 77.90 |
| 2 | યુનાઈટેડ કિંગ્ડમ | 77.70 |
| 3 | ફિનલેન્ડ | 76.50 |
| 4 | માલ્ટા | 75.20 |
| 5 | સ્વીડન | 72.70 |
| 176 | પાકિસ્તાન | 24.60 |
| 177 | બાંગ્લાદેશ | 23.10 |
| 178 | વિયેતનામ | 20.10 |
| 179 | મ્યાનમાર | 19.40 |
| 180 | ભારત | 18.90 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## EPI વિશે

પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંક એક આંતરરાષ્ટ્રીય રેન્કિંગ સિસ્ટમ છે જે દેશોની પર્યાવરણીય સ્થિતિ અને ટકાઉપણુ માપે છે.

- પર્યાવરણીય પ્રદર્શન સૂચકાંકને 2002માં દ્વિવાર્ષિક ઈન્ડેક્સ તરીકે વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા પર્યાવરણીય કાયદા અને નીતિ માટે યેલ સેન્ટર અને કોલંબિયા યુનિવર્સિટી સેન્ટર ફોર ઈન્ટરનેશનલ અર્થ સાયન્સ ઈન્ફર્મેશન નેટવર્ક સાથે મળીને પર્યાવરણીય સ્થિરતા સૂચકાંક તરીકે શરૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 2022 માટે EPI 40 પ્રદર્શન સૂચકાંકોમાં વહેંચાયેલુ છે અને 11 પેટા કેટેગરીમાં વહેંચાયેલું છે.
- આ રિપોર્ટ દર બે વર્ષે પ્રસિદ્ધ થાય છે.

# FSSAI 'State Food Safety Index 2021-22'




વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસ નિમિત્તે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ની આગેવાની હેઠળ ચોથો 'State Food Safety' (રાજ્ય અન્ન સુરક્ષા સૂચકાંક) પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના 5 માપદંડને આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જુદી–જુદી 3 કેટેગરીમાં રેન્ક આપવામાં આવ્યો છે.
- જેમાં ભારતના મોટા રાજ્યોમાં કુલ 100 માંથી 82.00ના સ્કોર સાથે તમિલનાડુ પ્રથમ ક્રમાંકે છે.
- તમિલનાડુ બાદ 77.5ના સ્કોર સાથે ગુજરાત બીજા ક્રમે અને 70.00 ના સ્કોર સાથે મહારાષ્ટ્ર ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના મોટા રાજ્યોમાં આંધ્રપ્રદેશ અંતિમ સ્થાને છે.

**State Food Safety Index 2021-22માં ભારતના 20 મોટા રાજ્યોનો રેન્ક**

| Rank | State |
|---|---|
| 1 | તમિલનાડુ |
| 2 | ગુજરાત |
| 3 | મહારાષ્ટ્ર |
| 4 | હિમાચલ પ્રદેશ |
| 5 | પશ્ચિમ બંગાળ |
| અંતિમ | આંધ્રપ્રદેશ |

## ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના નાના રાજ્યોમાં ગોવા પ્રથમ ક્રમે છે.

- ત્યારબાદ મણિપુર બીજા અને સિક્કિમ ત્રીજા ક્રમાંકે છે.
- જ્યારે ભારતના નાના રાજ્યોમાં અરૂણાચલપ્રદેશ અંતિમ 8માં ક્રમે છે.

## State Food Safety Index 2021-22માં ભારતના 8 નાના રાજ્યોનો રેન્ક

| Rank | State |
|---|---|
| 1 | ગોવા |
| 2 | મણિપુર |
| 3 | સિક્કિમ |
| 8 | અરૂણાચલપ્રદેશ |

## ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ-કાશ્મીર પ્રથમ

આ ઈન્ડેક્સમાં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં જમ્મુ અને કાશ્મીર પ્રથમ ક્રમે છે.

- ત્યારબાદ દિલ્હી બીજા અને ચંદીગઢ ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં લક્ષદ્વીપ અંતિમ 8માં ક્રમે છે.

## State Food Safety Index 2021-22માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોના રેન્ક

| Rank | Union Territories |
|---|---|
| 1 | જમ્મુ અને કાશ્મીર |
| 2 | દિલ્હી |
| 3 | ચંદીગઢ |
| 8 | લક્ષદ્વીપ |

## ઈન્ડેક્સના માપદંડ

આ ઈન્ડેક્સમાં અન્ન સુરક્ષા અંગેના નીચેના 5 માપદંડોમાં પ્રદર્શનના આધારે ભારતના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રેન્ક આપવામાં આવ્યો છે :

| ક્રમ | માપદંડ | વેઈટેજ |
|---|---|---|
| 1 | માનવ સંસાધન અને સંસ્થાકીય ડેટા | 20% |
| 2 | અનુપાલન | 30% |
| 3 | ફૂડ ટેસ્ટિંગ સુવિધા | 20% |
| 4 | તાલીમ અને ક્ષમતા નિર્માણ | 10% |
| 5 | ગ્રાહક સશક્તિકરણ | 20% |

## ઈન્ડેક્સનો પ્રારંભ

ભારતમાં કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અંતર્ગતના **'Food Safety and Standards Authority of India' (FSSAI)** દ્વારા આ ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- ભારતમાં 7 જૂન, 2019ને પ્રથમ 'વિશ્વ અન્ન સુરક્ષા દિવસ' (World Food Safety Day)ના રોજ આ ઈન્ડેક્સનો પ્રારંભ થયો હતો.

**નોંધ:** (1) 'Food Safety' શબ્દ માટે ગુજરાતીમાં 'અન્ન સુરક્ષા' ઉપરાંત 'ખાદ્ય સુરક્ષા' અને 'ખોરાક સુરક્ષા' જેવા શબ્દનો પ્રયોગ થાય છે.

(2) આ અગાઉ 2020-21ના ઈન્ડેક્સમાં ગુજરાત પ્રથમ ક્રમે હતું.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ સમુદ્ર દિવસ' અથવા તો 'વિશ્વ મહાસાગર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 જૂન (B) 7 જૂન (C) 8 જૂન (D) 9 જૂન **(C)**

2. વર્ષ 2022ની 'વિશ્વ સમુદ્ર દિવસ'ની થીમ શું છે ?
(A) Revitalization : Collective Action for the Ocean
(B) Health Oceans, Healthy Planet
(C) Our Oceans, Our Responcibilities
(D) Geneder and Oceans **(A)**

3. 'વિશ્વ બ્રેઈન ટ્યૂમર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 જૂન (B) 7 જૂન (C) 8 જૂન (D) 9 જૂન **(C)**

4. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'એનવાયરમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેક્સ 2022'માં કુલ 180 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
(A) 147 (B) 171 (C) 175 (D) 180 **(D)**

5. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'એનવાયરમેન્ટલ પરફોર્મન્સ ઈન્ડેક્સ 2022'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
(A) ડેનમાર્ક (B) ફિનલેન્ડ (C) સ્વીડન (D) માલ્ટા **(A)**

6. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2021-22'માં ભારતના મોટા રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) ગુજરાત (B) તમિલનાડુ (C) મહારાષ્ટ્ર (D) કેરળ **(B)**

7. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2021-22'માં ભારતના મોટા રાજ્યોમાં ગુજરાત કયા ક્રમે છે ?
(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા **(B)**

8. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2021-22'માં ભારતના નાના રાજ્યોમાં પ્રથમ ક્રમે કયું રાજ્ય છે ?
(A) મણિપુર (B) સિક્કિમ (C) ગોવા (D) મેઘાલય **(C)**

9. FSSAI દ્વારા પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ફૂડ સેફટી ઈન્ડેક્સ 2021-22'માં ભારતના કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રથમ ક્રમે કયો પ્રદેશ છે ?
(A) જમ્મુ અને કાશ્મીર (B) લદ્દાખ (C) દિલ્હી (D) ચંદીગઢ **(A)**

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## મહારાષ્ટ્ર ફરી ખાંડનું ઉત્પાદન કરતું ટોચનું રાજ્ય



મહારાષ્ટ્ર પાંચ વર્ષ પછી ફરી એકવાર ભારતનું ટોચનું ખાંડ ઉત્પાદક રાજ્ય બન્યું છે.

- મહારાષ્ટ્રએ ખાંડના ઉત્પાદનમાં ઉત્તરપ્રદેશને પાછળ છોડી દીધું છે.
- વર્ષ 2021-22 માટે મહારાષ્ટ્ર દ્વારા ખાંડનું કુલ ઉત્પાદન 138 લાખ ટન છે.
- જ્યારે વર્ષ 2021-22માં ઉત્તરપ્રદેશ દ્વારા કુલ 105 લાખ ટન ખાંડનું ઉત્પાદન થયું છે.
- શેરડી એ પાણીનો સઘન પાક છે જેને મોટા પ્રમાણમાં પાણી પુરવઠાની જરૂર પડે છે અને મહારાષ્ટ્રના ખેડૂતોને તે વરસાદ, જળાશયો, નહેરોના નેટવર્ક અને ભૂગર્ભજળથી મળી રહે છે.
- ઉત્તરપ્રદેશ રાજ્યમાં અતિવૃષ્ટિ સાથે પાણી ભરાવાની સમસ્યાએ શેરડીના પાકને ભારે નુકસાન પહોંચાડયું છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ઈથેનોલ ઉત્પાદન થતુ હોવાના કારણે પણ ખાંડ ઉત્પાદન પર અસર થઈ છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022




તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 'નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022' (NASP 2022) લોન્ચ કરી છે.

- તે નીતિ નિર્માતાઓ, એર સ્પોર્ટ્સ પ્રેક્ટિશનરો અને મોટા પાયે જનતાના ઈનપુટ્સના આધારે ઘડવામાં આવી છે અને તે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધનો, કોચ અને સેવાઓની સારી ગુણવત્તાની સ્થાપનાને સુનિશ્ચિત કરશે.

### NASP 2022

નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022 (NASP 2022) ભારતમાં સલામત, સસ્તું, સુલભ, આનંદપ્રદ અને ટકાઉ એર સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ પ્રદાન કરીને વર્ષ 2030 સુધીમાં ભારતના ટોચના રમત–ગમત દેશોમાનું એક બનાવવાની કલ્પના કરે છે.

### ઉદ્દેશ

- દેશમાં એર સ્પોર્ટ્સ કલ્ચરને પ્રોત્સાહન આપવું.
- એરસ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાધન સામગ્રી, સંચાલન, જાળવણી અને તાલીમ સહિત સલામતીમાં આંતરરાષ્ટ્રીય સારી પ્રથાઓને અપનાવવામાં સક્ષમ કરવા.

- સરળ, હિતધારક–મૈત્રીપૂર્ણ અને અસરકારક શાસન માળખું વિકસાવવું.
- વૈશ્વિક એર સ્પોર્ટિંગ ઈવેન્ટ્સમાં ભારતીય ખેલાડીઓની ભાગીદારી અને સફળતા વધારવી.
- આત્મનિર્ભર ભારત અભિયાનને અનુરૂપ ભારતમાં એર ગેમ્સના સાધનોની ડિઝાઈન, વિકાસ અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવું.

## ગવર્નિંગ બોડી

ભારતમાં એર ગેમ્સ માટે ચાર–સ્તરીય શાસન માળખું હશે, એટલે કે :

(1) એર સ્પોર્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (ASFI) સર્વોચ્ચ સંચાલક મંડળ તરીકે.

(2) વ્યક્તિગત એર ગેમ્સ માટેનું રાષ્ટ્રીય મહાસંઘ અથવા યોગ્ય હોય તેમ હવાઈ રમતોનું ફેડરેશન

(3) પ્રાદેશિક (જેમ કે પશ્ચિમ/દક્ષિણ/ઉત્તર પૂર્વ વગેરે) અથવા નેશનલ એર સ્પોર્ટ્સ ફેડરેશન રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરના એકમો.

(4) જિલ્લા કક્ષાનું એર સ્પોર્ટ્સ ફેડરેશન (જરૂરિયાત પ્રમાણે)

## સમાવિષ્ટ રમતો

એરોબેટિક્સ, એરો મોડેલિંગ અને મોડેલ રોકેટ, પ્રાયોગિક એરક્રાફ્ટ, બ્લૂનિંગ, ડ્રોન્સ, ગ્લાઈડિંગ અને પાવર્ડ ગ્લાઈડિંગ, હેંગ ગ્લાઈડિંગ અને પાવર્ડ હેંગ ગ્લાઈડિંગ, પેરાશૂટિંગ (સ્કાય ડાઈવિંગ, બેઝ જમ્પિંગ અને વિંગ સૂટ વગેરે સહિત), પેરા ગ્લાઈડિંગ અને પેરા મોટરિંગ (સંચાલિત પેરાશૂટ ટ્રાઈક), સંચાલિત એરક્રાફ્ટ (અલ્ટ્રાલાઈટ, માઈક્રોલાઈટ અને લાઈટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ વગેરે સહિત), રોટર ક્રાફ્ટ.

## જન સમર્થ પોર્ટલ (Jan Samarth Portal)



6 જૂન, 2022ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ‘જન સમર્થ પોર્ટલ’ નામનું ‘ક્રેડિટ–લિંક્ડ સરકારી યોજનાઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ’ શરૂ કર્યુ છે.

- આ પોર્ટલ નવી દિલ્હીમાં વિજ્ઞાન ભવનમાં નાણા મંત્રાલય અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના ‘વિશિષ્ટ સપ્તાહ ઉજવણી’ દરમિયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- જન સમર્થ પોર્ટલ લોન્ચ કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે ભારત નાગરિક–કેન્દ્રિત શાસનના વિઝન સાથે આગળ વધી રહ્યું છે, જે સુશાસનનું મુખ્ય પાસુ છે અને સરકાર કેન્દ્રીત અભિગમને પાછળ છોડી રહ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## જન સમર્થ પોર્ટલ

<u>જન સમર્થ પોર્ટલ</u> એ <u>વન સ્ટોપ ડિજિટલ પોર્ટલ</u> છે, જે <u>સરકારી ધિરાણ યોજનાઓને</u> લિંક કરે છે.

- તે તેના પ્રકારનું પ્રથમ પ્લેટફોર્મ છે, જે લાભાર્થીઓને ધિરાણકર્તાઓ સાથે સીધા જ જોડે છે.
- આ પોર્ટલ ઘણા ક્ષેત્રોને સરળ ડિજિટલ પ્રક્રિયાઓ દ્વારા યોગ્ય સરકારી લાભો પ્રદાન કરીને સમાવેશી વૃદ્ધિને પ્રોત્સાહિત કરવા માટે શરૂ કરવામાં આવ્યું છે.
- આ તમામ લિંક્ડ પ્લાન્સના સંપૂર્ણ કવરેજની ખાતરી કરે છે.
- જન સમર્થ પોર્ટલ એક અનોખુ ડિજિટલ પોર્ટલ છે જે એક પ્લેટફોર્મ પર 13 ક્રેડિટ લિંક્ડ સરકારી યોજનાઓને લિંક કરશે.

## પોર્ટલનું મહત્વ

આ પોર્ટલ વિદ્યાર્થીઓ, વેપારીઓ, ખેડૂતો, MSME ઉદ્યોગસાહસિકોના જીવનને બહેતર બનાવવામાં તેમજ તેમના સપનાને સાકાર કરવામાં મદદ કરશે.

- આ પોર્ટલ ખુલ્લુ મળખું છે, જે રાજ્ય સરકારો અને અન્ય સંસ્થાઓને ભવિષ્યમાં તેમની યોજનાઓને જોડવામાં મદદ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## નવા સિક્કા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ <u>રૂ. 1</u>, <u>રૂ. 2</u>, <u>રૂ. 5</u>, <u>રૂ. 10</u> અને <u>રૂ. 20</u>ના સિક્કાઓની વિશેષ શ્રેણી પણ આ પ્રસંગે બહાર પાડી હતી.

- સિક્કાઓની આ વિશેષ શ્રેણીમાં <u>'આઝાદી કા અમૃત મહોત્સવ'</u> લોગોની થીમ છે.
- આ સિક્કાઓને દૃષ્ટિહીન વ્યક્તિઓ સરળતાથી ઓળખી શકે છે.




## રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા (National Tribal Research Institute)



કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે 7 જૂન, 2022ના રોજ દિલ્હીમાં 'રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા'નું ઉદ્દ્ઘાટન કર્યુ હતું.

- આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે આદિજાતી બાબતોના મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થાનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું હતું.
- આ કાર્યક્રમ દરમિયાન આદિજાતી બાબતોના મંત્રાલયની સિદ્ધિઓ દર્શાવતું પ્રદર્શન પણ પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા રાષ્ટ્રીય સ્તરની અગ્રણી સંસ્થા હશે.
- તે શૈક્ષણિક, કાયદાકીય અને કારોબારી ક્ષેત્રોમાં આદિવાસીઓની ચિંતાઓ, બાબતો અને મુદ્દાઓનું મુખ્ય કેન્દ્ર બનશે.

### રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થાના કાર્યો

(1) તે નામાંકિત સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, સંશાધન કેન્દ્રો અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે નેટવર્ક અને સહયોગ કરશે.

(2) આ સંસ્થા આદિજાતી સંશોધન સંસ્થા (TRIS), NFSના સંશોધન વિદ્વાનો અને સેન્ટ્ર્સ ઓફ એક્સેલન્સ (CoES)ના પ્રોજેક્ટ્સની દેખરેખ રાખશે.

(3) તે સંશોધન અને તાલીમની ગુણવત્તા સુધારવા માટે બેન્ચમાર્ક પણ સેટ કરશે.

(4) તેની અન્ય પ્રવૃત્તિઓ આદિજાતી બાબતોના મંત્રાલય અને રાજ્ય કલ્યાણ વિભાગોને આદિજાતી જીવન શૈલીના સામાજિક આર્થિક પાસાઓને ટેકો આપતા અથવા સુધરતા કાર્યક્રમો અને ડિઝાઈન અભ્યાસ માટે નીતિગત ઈનપુટ્સ પ્રદાન કરવા માટે હશે.

(5) આ ઉપરાંત PMAAGYના ડેટાબેઝની રચના અને જાળવણીનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિગ્ગજ મહિલા ક્રિકેટર સુશ્રી મિતાલી રાજે નિવૃત્તિની જાહેરાત કરી



સુપ્રસિદ્ધ ભારતીય મહિલા ક્રિકેટર સુશ્રી મિતાલી રાજે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે.

- નોંધનીય છે કે તેમણે તાજેતરમાં ન્યૂઝિલેન્ડમાં સમાપન થયેલા મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2022માં ભારતીય ટીમનું નેતૃત્વ કર્યુ હતું.
- આ સાથે 22 યાર્ડની પીચ પર છેલ્લા 23 વર્ષથી ચાલતા એકચક્રી શાસનનો અંત આવ્યો છે.

### સુશ્રી મિતાલી રાજ

સુશ્રી મિતાલી રાજનો જન્મ 3 ડિસેમ્બર, 1982ના રોજ રાજસ્થાનના જોધપુરમાં એક તામિલ પરિવારમાં થયો હતો.

- તેમનું પૂરું નામ મિતાલી દોરાઈ રાજ છે.
- સુશ્રી મિતાલી રાજને ડાન્સ કરવો સૌથી વધુ પસંદ હતું, તેમણે ક્રિકેટના કારણે ડાન્સને છોડયો હતો.
- તેમના પિતા ભારતીય વાયુસેનાના નિવૃત્ત અધિકારી છે.
- સુશ્રી મિતાલી રાજે ક્રિકેટનું પ્રારંભિક કોચિંગ હૈદરાબાદની સેન્ટ જોન્સ હાઈસ્કૂલથી મેળવ્યું હતું.
- વર્ષ 1999માં માત્ર 16 વર્ષની વયે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પદાર્પણ કર્યુ હતું.

### આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ

સુશ્રી મિતાલી રાજે ટેસ્ટ, વન–ડે અને T-20 ફોર્મેટમાં નીચે મુજબ આંતરરાષ્ટ્રીય કારકિર્દીની શરૂઆત કરી હતી.

(1) વન–ડે ડેબ્યૂ : 26 જૂન, 1999 – આયર્લેન્ડ સામે

(2) ટેસ્ટ ડેબ્યૂ : 14 જાન્યુઆરી, 2002 – ઈંગ્લેન્ડ સામે

(3) T-20 ડેબ્યૂ : 5 ઓગસ્ટ, 2006 – ઈંગ્લેન્ડ સામે

### આંતરરાષ્ટ્રીય કારકિર્દી

સુશ્રી મિતાલી રાજે વન–ડે ક્રિકેટમાં 232 મેચ રમ્યા હતા. જેમાં તેમણે 7,805 રન ફટકાર્યા છે.

- તેમણે 12 ટેસ્ટ મેચમાં 699 રન બનાવ્યા હતા.
- તેઓ 89 T-20 મેચ રમ્યા છે. જેમાં તેમણે 2,364 રન ફટકાર્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી મિતાલી રાજના મહત્ત્વના રેકોર્ડ

- વન–ડે ક્રિકેટમાં હાઈએસ્ટ રન એટલે કે 7000થી વધુ રન બનાવનાર એકમાત્ર મહિલા ક્રિકેટર છે.
- તેઓ વન–ડે મેચમાં સતત 7 અર્ધ સદી ફટકારનાર પ્રથમ ખેલાડી છે.
- આ સિવાય મહિલા વન–ડેમાં સૌથી અર્ધશતકનો રેકોર્ડ પણ તેના નામે છે.
- 2018ના મહિલા T-20 એશિયા કપ દરમિયાન T-20 ફોર્મેટમાં 2000 રનના આંકડાને પાર કરનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા હતા.
- ટેસ્ટ ક્રિકેટમાં ભારત તરફથી બેવડી સદી નોંધાવનાર એકમાત્ર બેટ્સવુમન છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 20 વર્ષ પૂરા કરનાર પ્રથમ મહિલા બનવાનો રેકોર્ડ પણ તેના નામે છે.
- ટેસ્ટ ક્રિકેટમાં એક તથા વન–ડેમાં સાત સદી ફટકારી છે.
- વર્ષ 2019માં ન્યૂઝિલેન્ડ સામેની ભારતની શ્રેણી દરમિયાન 200 વન–ડેમાં રમનારી પ્રથમ મહિલા ખેલાડી બન્યા હતા.
- વન–ડે વર્લ્ડ કપમાં હાઈએસ્ટ 24 મેચમાં કેપ્ટનશિપ કરનાર પ્રથમ મહિલા ખેલાડી છે.
- મહિલા વર્લ્ડ કપમાં 1000 પ્લસ રન નોંધાવનાર ભારતની પ્રથમ અને ઓવરઓલ પાંચમાં ખેલાડી બન્યા હતા.
- સુશ્રી મિતાલી રાજ છ વખત ICC મહિલા વન–ડે વર્લ્ડ કપ રમનાર પ્રથમ ખેલાડી છે (પુરુષમાં આ રેકોર્ડ સચિન તેંડુલકર અને જાવેદ મિયાંદાદનો છે)

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી મિતાલી રાજ વિશેના અન્ય તથ્યો

- વર્ષ 2005માં તેઓ ભારતના કાયમી કેપ્ટન બન્યા હતા.
- 17 ઓગસ્ટ, 2002ના રોજ માત્ર 19 વર્ષની ઉંમરે ટેસ્ટ મેચમાં સુશ્રી કેરેન રોલ્ટનનો વિશ્વનો સર્વોચ્ચ વ્યક્તિગત ટેસ્ટ સ્કોર 209 રનનો તોડ્યો હતો. તેમણે આ મેચમાં 214 રન બનાવ્યા હતા.
- ઈંગ્લેન્ડ સામેની બેવડી સદી ફટકાર્યા બાદ ‘મહિલા તેંડુલકર’ (અથવા લેડી તેંડુલકર)નું બિરુદ મળ્યું હતું.
- તેઓ ઈન્ટરનેશનલ મહિલા ક્રિકેટના મહાન ખેલાડીઓમાંના એક છે.
- વર્ષ 2019માં તેમના જીવન પર આધારિત એક ફિલ્મ રજૂ થઈ હતી.
- તેમણે તેમની છેલ્લી વન–ડે મેચ 27 માર્ચ, 2022ના રોજ દક્ષિણ આફ્રિકા સામે રમી હતી.
- છેલ્લી ટેસ્ટ સપ્ટેમ્બર, 2021માં ઓસ્ટ્રેલિયા સામે રમી હતી.
- 9 માર્ચ, 2019ના રોજ ઈંગ્લેન્ડ સામે છેલ્લી T-20 મેચ રમી હતી.

## પુરસ્કારો

સુશ્રી મિતાલી રાજને નીચે મુજબના પુરસ્કારો એનાયત થયા છે :

(1) અર્જુન એવોર્ડ (2003)

(2) પદ્મ શ્રી (2015)

(3) યુથ સ્પોર્ટ્સ આઈકોન ઓફ એક્સેલન્સ એવોર્ડ (2017)

(4) વોગ સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર (2017)

(5) BBC 100 Women (2017)

(6) વિઝડ્ન લીડિંગ વિમેન્સ ક્રિકેટર ઈન ધ વર્લ્ડ (2017)

(7) ખેલ રત્ન પુરસ્કાર (2021)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં કયું રાજ્ય ખાંડનું ઉત્પાદન કરતું ટોચનું રાજ્ય બન્યું છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરપ્રદેશ (C) રાજસ્થાન (D) આસામ (A)

2. 'નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તાજેતરમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે 'નેશનલ એર સ્પોર્ટ્સ પોલિસી 2022' લોન્ચ કરી હતી.

2. તે ભારતમાં સલામત, સસ્તું, સુલભ, આનંદપ્રદ અને ટકાઉ એર સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમ પ્રદાન કરીને વર્ષ 2030 સુધીમાં ભારતને ટોચના રમત–ગમત દેશોમાનું એક બનાવવાની કલ્પના કરે છે.

3. તેનો ઉદ્દેશ દેશમાં એર સ્પોર્ટ્સ કલ્ચરને પ્રોત્સાહન આપવાનો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'જન સમર્થ પોર્ટલ' નામનું 'ક્રેડિટ–લિંક્ડ સરકારી યોજનાઓ માટે રાષ્ટ્રીય પોર્ટલ' શરૂ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) જન સમર્થ પોર્ટલ એ વન સ્ટોપ ડિજિટલ પોર્ટલ છે, જે સરકારી ધિરાણ યોજનાઓને લિંક કરે છે.

(B) તે તેના પ્રકારનું પ્રથમ પ્લેટફોર્મ છે, જે લાભાર્થીઓને ધિરાણકર્તાઓ સાથે સીધા જ જોડે છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

4. તાજેતરમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે .......સ્થળે 'રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થા'નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

(A) દિલ્હી (B) બેંગ્લોર (C) લખનૌ (D) પૂણે (A)

5. તાજેતરમાં સુપ્રસિદ્ધ ભારતીય મહિલા ક્રિકેટર સુશ્રી મિતાલી રાજે ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. તેમણે કયા વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યુ હતું ?

(A) 1995 (B) 1999 (C) 2008 (D) 2009 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**6.** સુશ્રી મિતાલી રાજનો જન્મ કયાં થયો હતો ?

(A) જોધપુર, રાજસ્થાન (B) ચેન્નાઈ, તમિલનાડુ

(C) બેંગ્લોર, કર્ણાટક (D) અમૃતસર, પંજાબ

**(A)**

**7.** સુશ્રી મિતાલી રાજ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સુશ્રી મિતાલી રાજે વન–ડે ક્રિકેટમાં 232 મેચમાં 7805 રન ફટકાર્યા છે.
2. તમેણે 12 ટેસ્ટ મેચમાં 699 રન બનાવ્યા છે.
3. તેમણે 89 T-20 મેચમાં 2364 રન બનાવ્યા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 1 (D) 1, 2 અને 3

**(D)**

**8.** સુશ્રી મિતાલી રાજે 26 જૂન, 1999ના રોજ કોની સામે વન–ડે ડેબ્યૂ કર્યુ હતું ?

(A) ન્યૂઝિલેન્ડ (B) આયર્લેન્ડ (C) ઈંગ્લેન્ડ (D) ઓસ્ટ્રેલિયા

**(B)**

**9.** સુશ્રી મિતાલી રાજ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમણે ટેસ્ટ ક્રિકેટમાં એક તથા વન–ડેમાં સાત સદી ફટકારી છે.
2. ટેસ્ટ ક્રિકેટમાં ભારત તરફથી બેવડી સદી નોંધાવનાર એકમાત્ર બેટ્સવુમન છે.
3. તેઓ છ વખત મહિલા વન–ડે વર્લ્ડ કપ રમનાર પ્રથમ મહિલા ખેલાડી છે.
4. તેઓ વર્ષ 2005માં ભારતના કાયમી કેપ્ટન બન્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 4 (D) ફક્ત 1, 2 અને 3

**(A)**

**10.** સુશ્રી મિતાલી રાજને કયા વર્ષે પદ્મ શ્રી એવોર્ડ એનાયત થયો હતો ?

(A) 2012 (B) 2014 (C) 2015 (D) 2021

**(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ફ્રેન્ચ ઓપન-2022 (French Open-2022)




તાજેતરમાં 22 મે થી 5 જૂન, 2022 દરમિયાન ફ્રાન્સના પેરિસના સ્ટેડ રોલાન્ડ ગેરોસ ખાતે ફ્રેન્ચ ઓપનની 126મી ટુર્નામેન્ટનું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં સ્પેનના શ્રી રાફેલ નડાલે નોર્વેના શ્રી કેસ્પર રૂડને પરાજય આપીને મેન્સ સિંગલ્સનું ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીત્યું છે.
- શ્રી રાફેલ નડાલે 14મી વખત ફ્રેન્ચ ઓપનનું ટાઈટલ જીત્યું છે.
- આ જીત સાથે 36 વર્ષીય રાફેલ નડાલ રોલાન્ડ ગેરોસમાં ખિતાબ જીતનાર સૌથી મોટી ઉંમરના ખેલાડી બની ગયા છે.
- જ્યારે પોલેન્ડના સુશ્રી ઈગા સ્વેટિકે યુએસએના સુશ્રી કોકો ગોફને પરાજય આપીને વિમેન્સ સિંગલસનું ટાઈટલ જીતી લીધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ફ્રેન્ચ ઓપન 2022 વિજેતા**

| ક્રમ | ટાઈટલ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી રાફેલ નડાલ (સ્પેન) | શ્રી કેસ્પર રૂડ (નોર્વે) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી ઈગા સ્વેટિક (પોલેન્ડ) | સુશ્રી કોકો ગોફ (યુએસએ) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી માર્સેલો અરવાલો (અલ સાલ્વાડોર)<br>શ્રી જીન–જુલિયન રોજર (નેધરલેન્ડ) | શ્રી ઈવાન ડોડિગ (ક્રોએશિયન)<br>શ્રી ઓસ્ટિન ક્રિઝિસેક (યુએસએ) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી કેરોલિન ગાર્સિયા (ફ્રાન્સ)<br>સુશ્રી ક્રિસ્ટીના મ્લાડેનોવિક (ફ્રાન્સ) | સુશ્રી જેસિકા પેગુલા (યુએસએ)<br>સુશ્રી કોકો ગોફ (યુએસએ) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી એના શિબહારા (જાપાન)<br>શ્રી વેસ્લી કુલહોફ (નેધરલેન્ડ) | સુશ્રી ઉલીકે એકેરી (નોર્વે)<br>શ્રી જોરાન વ્લિજેન (બેલ્જિયમ) |

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  - (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  - (2) ફ્રેન્ચ ઓપન
  - (3) વિમ્બલ્ડન
  - (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કયા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

## એક્સ ખાન ક્વેસ્ટ 2022 અભ્યાસ

તાજેતરમાં મંગોલિયામાં બહુરાષ્ટ્રીય શાંતિ કવાયત 'એક્સ ખાન ક્વેસ્ટ 2022 અભ્યાસ' (Ex Khaan Quest 2022)નું આયોજન થયું હતું.




- આ અભ્યાસમાં ભારત સહિત 16 દેશોની ટુકડી સામેલ છે.
- જેનું ઉદ્દ્ઘાટન મેંગોલિયાના રાષ્ટ્રપતિ શ્રી ઉખનાગીન ખુરાલસુએ કર્યુ હતું.
- આ અભ્યાસમાં ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ લદ્દાખ સ્કાઉટ્સની ટુકડી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### Ex Khaan Quest

એક્સ ખાન ક્વેસ્ટ એ એક બહુરાષ્ટ્રીય શાંતિ કવાયત છે.

- આમાં સંયુક્ત રાષ્ટ્ર શાંતિ મિશન કમાન્ડ પોસ્ટ કવાયતનો સમાવેશ થાય છે.
- આ અભ્યાસ શાંતિ સ્થાપના ક્ષમતાઓમાં સુધારો કરવા સંયુક્ત રાષ્ટ્રના મુખ્ય સિદ્ધાંતોને વધારવા અને સૈન્યથી લશ્કરી સંબંધોને મજબૂત કરવા સહભાગી દેશોની શાંતિ કામગીરી ક્ષમતાઓને વધારવા માટે રચાયેલ છે.

### ઉદ્દેશ

આ અભ્યાસનો ઉદ્દેશ આંતર–કાર્યક્ષમતા વધારવા, સૈન્યથી સૈન્ય સંબંધોનું નિર્માણ, લશ્કરી સજ્જતા વિકસાવવા અને સહભાગી દેશો વચ્ચે શાંતિ સમર્થન કામગીરી કરવાનો છે.

- આ અભ્યાસ આ દેશો વચ્ચે સંરક્ષણ સહયોગનું સ્તર વધારશે.

## Sutstainable Development Report 2022

તાજેતરમાં 'ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ, 2022' બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટમાં 163 દેશોમાં ભારત 121મા ક્રમે છે.
- આ અગાઉ 2020માં 117મા અને 2021માં 120મા ક્રમે હતું.
- આ ઈન્ડેક્સમાં ફિનલેન્ડ પ્રથમ ક્રમે છે.
- ત્યારબાદ ત્રણ નોર્ડિક દેશો એટલે કે ડેનમાર્ક બીજા, સ્વીડન ત્રીજા અને નોર્વે ચોથા ક્રમે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Global Sustainable Development Report 2022 | | |
|---|---|---|
| **Rank** | **Country** | **Score** |
| 1 | ફિનલેન્ડ | 86.51 |
| 2 | ડેનમાર્ક | 85.63 |
| 3 | સ્વીડન | 85.19 |
| 4 | નોર્વે | 82.35 |
| 5 | ઓસ્ટ્રિયા | 82.32 |
| 121 | ભારત | 60.32 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## રિપોર્ટની વિશેષતાઓ

આબોહવા, જૈવવિવિધતા, ભૌગોલિક, રાજકીય અને લશ્કરી કટોકટી વૈશ્વિક ટકાઉ વિકાસ માટે મુખ્ય અવરોધો છે.

- પૂર્વ અને દક્ષિણ એશિયાના ક્ષેત્રે 2015માં SDG અપનાવ્યા પછી સૌથી વધુ પ્રગતિ કરી છે.
- બાંગ્લાદેશ અને કંબોડિયા એવા બે દેશો છે જેમણે 2015થી SDG પર સૌથી વધુ પ્રગતિ કરી છે.
- તેનાથી વિપરીત, વેનેઝુએલાએ 2015માં અપનાવ્યા પછી SDG ઈન્ડેક્સમાં સૌથી મોટો ઘટાડો નોંધ્યો છે.
- ભારે માનવ જાનહાની ઉપરાંત, લશ્કરી સંઘર્ષો, યુક્રેનમાં યુદ્ધ સહિત આંતરરાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કટોકટી અને આબોહવા તથા જૈવિવિધતા સંકટને કારણે ઊર્જાની તંગી વધી રહી છે.
- ભારત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સતત ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) હાંસલ કરવા માટે સારી સ્થિતિમાં નથી અન્ય દેશોની સરખામણીમાં વર્ષોથી તૈયારીનો અભાવ જોવા મળ્યો છે.
- ભારત 17 SDGમાંથી 11 હાંસલ કરવામાં મોટા પડકારોનો સામનો કરી રહ્યું છે, જેના કારણે SDG સજ્જતા પર વૈશ્વિક રેન્કિંગ ઘટી રહ્યું છે.
- ભારતમાં ઉત્કૃષ્ટ કાર્ય સુનિશ્ચિત કરવું અથવા શ્રેષ્ઠતાની ખાતરી કરવી (SDG 8) વધુ પડકારરૂપ બની ગયું છે.

## સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ

તે <u>ટકાઉ વિકાસ લક્ષ્યો (SDG)</u> હાંસલ કરવા તરફના દેશોની પ્રગતિનું વૈશ્વિક મૂલ્યાંકન છે.

- તે <u>સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન્સ નેટવર્ક (SDSN)</u>ના સ્વતંત્ર નિષ્ણાતોના જૂથ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.
- દેશોને તેમના એકંદર સ્કોરના આધારે ક્રમ આપવામાં આવે છે.
- સંયુક્ત સ્કોર તમામ <u>17 ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGS)</u> હાંસલ કરવા તરફની એકંદર પ્રગતિને માપે છે.
- સ્કોરના અર્થઘટનને SDG સિદ્ધિઓની ટકાવારી તરીકે દર્શાવવામાં આવે છે.
- 100નો સ્કોર સૂચવે છે કે તમામ ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવામાં આવ્યા છે.

**નોંધ:** <u>સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)</u> જેને <u>ગ્લોબલ ગોલ્સ</u> તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને 2015માં યુનાઈટેડ નેશન્સ દ્વારા ગરીબીનો અંત લાવવા, પૃથ્વીનું રક્ષણ કરવા અને 2030 સુધીમાં બધા માટે શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવાના સાર્વત્રિક આહવાન તરીકે અપનાવવામાં આવ્યા હતા.



1. ફ્રેન્ચ ઓપન 2022માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા ટેનિસ ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી નોવાક જોકોવિચ (B) શ્રી સ્ટેફોનસ (C) શ્રી રોજર ફેડરર (D) શ્રી રાફેલ નડાલ (D)

2. ફ્રેન્ચ ઓપન 2022માં મેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા શ્રી રાફેલ નડાલના દેશનું નામ શું છે ?

(A) અમેરિકા (B) સ્પેન (C) સર્બિયા (D) ઓસ્ટ્રિયા (B)

3. ફ્રેન્ચ ઓપન 2022માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા મહિલા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી ઈગા સ્વેટિક (B) સુશ્રી કોકો ગોફ

(C) સુશ્રી બારબોરા ક્રેજસિકવા (D) સુશ્રી એશ્લે બાર્ટી (A)

4. ફ્રેન્ચ ઓપન 2022માં વિમેન્સ સિંગલ્સ ટાઈટલ વિજેતા સુશ્રી ઈગા સ્વેટિક કયા દેશના ખેલાડી છે ?

(A) પોલેન્ડ (B) યુએસએ (C) નોર્વે (D) સ્પેન (A)

5. ફ્રેન્ચ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ કઈ કોર્ટ પર રમાય છે ?

(A) હાર્ડકોર્ટ (B) ગ્રાસકોર્ટ (C) ક્લેકોર્ટ (D) (A) અને (B) બંને (C)

6. તાજેતરમાં ............માં બહુરાષ્ટ્રીય શાંતિ કવાયત 'Ex Khaan Quest 2022'નું આયોજન થયું હતું.

(A) જાપાન (B) ચીન (C) મંગોલિયા (D) રશિયા (C)

7. તાજેતરમાં 'ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ, 2022' બહાર પાડવામાં આવ્યો છે. જેમાં ભારત કેટલામાં ક્રમે છે ?

(A) 115 (B) 119 (C) 121 (D) 141 (C)

8. 'ગ્લોબલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ રિપોર્ટ, 2022'માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) ફિનલેન્ડ (C) ડેનમાર્ક (D) સ્વીડન (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## QS World University Ranking-2023

તાજેતરમાં **'QS World University Rankings-2023'** અંતર્ગત વિશ્વની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થાઓની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

- વિશ્વની શ્રેષ્ઠ **1000 સંસ્થાઓની** યાદીમાં ભારતની **કુલ 27** સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- આ અગાઉના રેન્કિંગમાં ભારતની કુલ **22** સંસ્થાઓ હતી જે વધીને **27** થઈ ગઈ છે.
- જેમાંથી આ રેન્કિંગમાં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં **Indian Institute of Science, (IISc) બેંગ્લુરૂ** પ્રથમ ક્રમે છે.
- **IISc, બેંગ્લુરૂ** આ રેન્કિંગમાં **155માં** ક્રમે છે.
- **IISc, બેંગ્લુરૂ** બાદ **IIT બોમ્બે 172માં** ક્રમે છે.
- જ્યારે આ રેન્કિંગમાં અમેરિકાની **Massachusetts Institute of Technology (MIT)** પ્રથમ ક્રમે છે.
- **MIT** સતત **11મા વર્ષે** ટોચની યુનિવર્સિટી છે.
- આ રેન્કિંગમાં બીજા સ્થાને **કેમ્બ્રિજ યુનિવર્સિટી** અને ત્યારબાદ **સ્ટેનફોર્ડ યુનિવર્સિટીને** સ્થાન મળ્યું છે.

### QS World University Ranking-2023

| Rank | Institute | Country |
|---|---|---|
| 1 | Massachusetts Institute of Technology (MIT) | USA |
| 2 | university of Cambridge | UK |
| 3 | Stanford University | USA |
| 4 | University of Oxford | USA |
| 155 | Indian Institute of Science (IISc), Banglore | India |
| 172 | IIT Bombay | India |
| 174 | IIT Delhi | India |
| 250 | IIT Madras | India |
| 264 | IIT Kanpur | India |
| 270 | IIT Kharagpur | India |
| 369 | IIT Roorkee | India |
| 384 | IIT Guwahati | India |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ:** (1) બ્રિટનની QS (Quacquarelli Symonds) limited નામની કંપની દ્વારા વર્ષ 2004થી દર વર્ષે આ રેન્કિંગ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

(2) ટોચની 500માં ચીનની 28 યુનિવર્સિટીઓને સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં ટોચની 100માં છ યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.

## થાઈલેન્ડમાં મારિજુઆના/ગાંજાને કાયદેસર બનાવ્યું

થાઈલેન્ડમાં ગાંજો રાખવા અને તેની ખેતી કરવી એ હવે અપરાધ ગણવામાં આવશે નહીં.

- કારણ કે તાજેતરમાં ત્યાંની સરકારે તેને કાયદેસર જાહેર કર્યુ છે.
- જોકે જાહેરમાં ધૂમ્રપાનના સ્વરૂપમા તેના ઉપયોગ પર હજુ પણ પ્રતિબંધ છે.
- દક્ષિણ એશિયામાં સ્થિત થાઈલેન્ડ ડ્રગ કાયદાઓ માટે જાણીતું છે, આ પ્રકારનું પગલું ભરનાર એશિયાનો પ્રથમ દેશ બની ગયો છે.
- થાઈલેન્ડ આખુ વર્ષ ઉષ્ણકટિબંધિય આબોહવા સાથે સ્થાનિક લોકો દ્વારા સામાન્ય રીતે પરંપરાગત દવા તરીકે ઉપયોગમાં લેવાતા ગાંજો/ભાંગ/કેનાબીસનો લાંબો ઈતિહાસ ધરાવે છે.
- થાઈલેન્ડ સરકાર એવી આશા રાખે છે કે સ્થાનિક ગાંજાના વેપારને વિકસાવવાથી કૃષિ પર્યટનને પ્રોત્સાહન મળશે.
- આનાથી લોકોને અને રાજ્યને ગાંજામાંથી આવક મેળવવાની તક મળશે.



1. **QS World University Rankings-2023માં પ્રથમ ક્રમાંકે કઈ યુનિવર્સિટી છે ?**

(A) મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (MIT)

(B) ઓક્સફોર્ડ યુનિવર્સિટી

(C) સ્ટેનફોર્ડ યુનિવર્સિટી

(D) યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજ **(A)**

2. **QS World University Rankings-2023માં ભારતની શિક્ષણ સંસ્થાઓમાં કઈ સંસ્થા પ્રથમ ક્રમાંકે છે ?**

(A) IIT, Bombay (B) IIT, Delhi

(C) IIT, Madras (D) IISc, Banglore **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. **QS World University Rankings-2023માં IISc, Banglore કયા ક્રમે છે ?**

(A) 155 (B) 172 (C) 176 (D) 182 **(A)**

4. **QS World University Rankings-2023માં ભારતની કેટલી યુનિવર્સિટીનો સમાવેશ કરવામાં આવ્યો છે ?**

(A) 22 (B) 27 (C) 41 (D) 61 **(B)**

5. **તાજેતરમાં નીચેના પૈકી કયા દેશે ગાંજો રાખવા અને તેની ખેતી કરવી કાયદેસર બનાવ્યું છે ?**

(A) નેપાળ (B) થાઈલેન્ડ (C) ફિનલેન્ડ (D) સ્વીડન **(B)**

# ONE LINER

## ગુજરાત

➤ **‘રાષ્ટ્ર નિર્માણમાં કેન્દ્રીય જાહેર સાહસો CPSEના યોગદાન’ અંગેનું ત્રિદિવસીય પ્રદર્શન**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની પ્રેરક ઉપસ્થિતિમાં ‘રાષ્ટ્ર નિર્માણમાં કેન્દ્રીય જાહેર સાહસો CPSEના યોગદાન’ અંગેના ત્રિદિવસીય પ્રદર્શનનો મહાત્મા મંદિર ખાતે પ્રારંભ કરાવ્યો હતો. આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે આ પ્રદર્શન ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પબ્લિક એન્ટરપ્રાઈઝિસ દ્વારા આયોજિત કરવામાં આવ્યું છે. ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા દેશભરમાં 6 થી 12 જૂન દરમિયાન આઈકોનિક સપ્તાહની ઉજવણી અન્વયે યોજાઈ રહેલા આ પ્રદર્શન સાથે આત્મનિર્ભર ભારત માટે CPSEની ભૂમિકા વિષયક પરિષદનો પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રારંભ કરાવ્યો હતો. આ પરિષદમાં મહત્વાકાંક્ષી જિલ્લા–એસ્પિરેશનલ ડિસ્ટ્રિક પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને CSR વિષયક બાબતો અંગે વર્કશોપ–ડિસ્કસન સિરિઝ યોજાશે. આ ઉપરાંત MSE પાસેથી પ્રાપ્તિ અને CPSEની એન્યુઅલ ઓડીટ પ્રણાલી જેવી બાબતો અંગે વિવિધ CPSEsના CEOs એક કોમન પ્લેટફોર્મના માધ્યમથી વૈચારિક આદાન–પ્રદાન કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત

➤ **ભારતીય લિપસ્ટિક છોડ**

બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા (BSI)ના સંશોધકોએ અરૂણાચલ પ્રદેશના અંજુ જિલ્લામાં એક સદી કરતા વધુ સમય પછી એક દુર્લભ છોડની શોધ કરી છે. તે ‘ભારતીય લિપસ્ટિક છોડ’ તરીકે ઓળખાય છે. આ છોડની શોધ સૌપ્રથમ વર્ષ 1912માં બ્રિટિશ વનસ્પતિ શાસ્ત્રી સ્ટીફન ટ્રોયર ડન દ્વારા કરવામાં આવી હતી. આ શોધ અન્ય અંગ્રેજ વનસ્પતિશાસ્ત્રી આઈઝેક હેનરી બર્કિલ દ્વરા અરૂણાચલ પ્રદેશમાંથી એકત્રિત કરાયેલા છોડના નમૂનાઓ પર આધારિત હતી. તે વનસ્પતિશાસ્ત્રમાં 'Eschinathus Monetaria Dun' તરીકે ઓળખાય છે. BSIના વૈજ્ઞાનિકોએ જણાવ્યું કે ટ્યુબ્લર રેડ કોરોલાની હાજરીને કારણે એસ્કિનન્થસ જીનસ હેઠળની કેટલીક પ્રજાતિઓને લિપસ્ટિક છોડ કહેવામાં આવે છે.

➤ **ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021**

કેન્દ્રીય ગૃહમંત્રીએ 4 જૂન, 2022ના રોજ હરિયાણાના પંચકુલામાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021ની શરૂઆત કરી હતી. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની આ ચોથી આવૃત્તિ છે, જે ભારતની સૌથી મોટી રાષ્ટ્રવ્યાપી પાયાની રમત સ્પર્ધા છે, જે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2018માં શરૂ કરવામાં આવી હતી. ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2021માં પ્રથમ વખત પાંચ પરંપરાગત રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ રમતોમાં ગટકા (ગતકા), કલારીપયટ્ટુ, થંગ–તા, મલખંભ અને યોગનો સમાવેશ થાય છે. ખેલો ઈન્ડિયા યોજનાનો ઉદ્દેશ્ય બાળકો અને યુવાનોના સર્વાંગી વિકાસ, સમુદાય વિકાસ, સામાજિક એકીકરણ, લિંગ સમાનતા, તંદૂરસ્ત જીવનશૈલી, રાષ્ટ્રીય ગૌરવ અને રમતગમતના ક્ષેત્રમાં રમતગમતના વિકાસ માટે આર્થિક તકો માટે સમગ્ર દેશમાં રમતગમતને પ્રોત્સાહન આપવાનો છે.

➤ **ચંદીગઢમાં IAF હેરિટેજ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.**

ચંદીગઢમાં 'ચંદીગઢ IAF હેરિટેજ સેન્ટર' સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચંદીગઢ IAF (ભારતીય વાયુસેના) હેરિટેજની સ્થાપના બહુવિધ યુદ્ધોમાં ભારતીય વાયુસેનાની ભૂમિકા અને એકંદર કામગીરી દર્શાવવા માટે કરવામાં આવશે. તેની સ્થાપના વાયુસેના અને ચંદીગઢ પ્રશાસન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. આ હેતુ માટે કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢ અને ભારતીય વાયુસેના વચ્ચે એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારતમાં આ પ્રથમ કેન્દ્ર હશે. તે ચંદીગઢના સેક્ટર 18માં અગાઉના પ્રિન્ટિંગ પ્રેસમાં સ્થાપિત કરવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **PFMSનું સિંગલ નોડલ એજન્સી (SNA) ડેશબોર્ડ**

તાજેતરમાં કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી PFMS (પબ્લિક ફાઈનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ)ના સિંગલ નોડલ એજન્સી (SNA) ડેશબોર્ડની શરૂઆત કરી છે. તે આઝાદી કા અમૃત મહોત્સવ (AKAM) ઉજવણીના ભાગરૂપે નાણા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું. નાણા મંત્રાલય આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરવા માટે 6 થી 12 જૂન, 2022 દરમિયાન 'પ્રતિષ્ઠિત સમારોહ' ઉજવી રહ્યું છે. દરેક રાજ્યોને દરેક યોજના માટે એક SNA ઓળખવા અને નિયુક્ત કરવાની જરૂર છે. SNA મોડલ સુનિશ્ચિત કરે છે કે કેન્દ્રિય પ્રાયોજિત યોજનાઓ (CSS) માટે રાજ્યોને ભંડોળની ફાળવણી સમયસર અને વિવિધ શરતો પૂરી કર્યા પછી કરવામાં આવે. પબ્લિક ફાઈનાન્સ મેનેજમેન્ટ સિસ્ટમ (PFMS)એ એક વેબ–આધારિત ઓનલાઈન સોફટવેર એપ્લિકેશન છે જે નાણા મંત્રાલયના કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (CGA) દ્વારા વિકસિત અને અમલમાં મુકવામાં આવી છે.

➤ **રોડ કંસ્ટ્રક્શન વર્લ્ડ રેકોર્ડ**

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા–NHAIએ રેકોર્ડ 105 કલાક 33 મિનિટ (અંદાજે 5 દિવસ)માં 75 કિમી લાંબો બિટયુમિનસ કોંક્રીટ રોડ બનાવીને ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે. કેન્દ્રીય પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીએ 5 જૂન, 2022 થી શરૂ થયેલા આ કાર્યને પૂર્ણ કરવા બદલ સત્તાધિકારી, એન્જિનિયરો, કોન્ટ્રાક્ટરો અને કામદારોની ટીમને અભિનંદન આપ્યા હતા. મહારાષ્ટ્રના પશ્ચિમ વિદર્ભમાં અમરાવતી અને અકોલા વચ્ચે NH-53 વિભાગ પરનો આ સિંગલ લેન પ્રોજેક્ટ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત પૂર્ણ થયો હતો.

➤ **સૂફી ઉત્સવ**

જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં 9 જૂન, 2022ના રોજ શ્રીનગરમાં શેર–એ–કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે સૂફી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસન વિભાગ દ્વારા આયોજિત આ ઉત્સવનો હેતુ કાશ્મીર ખીણના સૂફી સંતો અને ઋષિઓના સંદેશાઓને પ્રચાર કરવાનો છે. સંસ્કૃતિ વિભાગ, વકફ બોર્ડ, ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ, મ્યુઝિયમ અને આર્કાઈવ્ઝ અને ઉચ્ચ શિક્ષણ વિભાગના સંકલનમાં આયોજિત આ ફેસ્ટિવલનું ઉદ્દઘાટન લેફ્ટનન્ટ ગવર્નરના સલાહકાર આર.આર. ભટનાગરે કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **નન્હી પરી કાર્યક્રમ**

તાજેતરમાં ઉત્તર–પશ્ચિમ દિલ્હી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'નન્હી પરી' (Nanhi Pari) કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. નન્હી પરી કાર્યક્રમ એ ડોક્યુમેન્ટ્સ મેળવવા માટે અલગ–અલગ ઓફિસોમાં જવાની જરૂરિયાતને દૂર કરીને માતા પિતાને વન સ્ટોપ સોલ્યુશન પ્રદાન કરવાની યોજના છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય માતા અને બાળકોને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થતા પહેલાં જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં જન્મેલી છોકરીઓના કિસ્સામાં જન્મ પ્રમાણપત્ર, આધાર કાર્ડ નોંધણી અને ખાતુ ખોલાવવા જેવી આવશ્યક સેવાઓ પૂરી પાડવાનો છે.

➤ **NSILમાં ઈન-ઓર્બિટ કોમ્યુનિકેશન સેટેલાઈટનું ટ્રાન્સફર**

તાજેતરમાં ભારત સરકારે 10 ઈન–ઓર્બિટ કમ્યુનિકેશન સેટેલાઈટ ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)ને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે. NSILની અધિકૃત શેર મૂડી રૂ. 1,000 કરોડથી વધારીને રૂ. 7,500 કરોડ કરવા માટે પણ મંજૂરી આપવામાં આવી છે. આ મંજૂરીથી સ્થાનિક પ્રવૃત્તિઓને વેગ મળશે અને વૈશ્વિક અવકાશ બજારમાં ભારતને મોટો હિસ્સો મળશે તેવી અપેક્ષા છે. NSIL સિંગલ–વિન્ડો ઓપરેટર તરીકે કામ કરીને અવકાશ ક્ષેત્રમાં વ્યવસાય કરવાને સરળતાને પ્રોત્સાહન આપશે. NSIL એ ભારત સરકારની કેન્દ્રીય જાહેર ક્ષેત્રની એન્ટરપ્રાઈઝ છે. તેની સ્થાપના વર્ષ 2019માં અવકાશ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ કરવામાં આવી હતી.

## વિશ્વ

➤ **શ્રી એન્જેલો મેરિઓન્ડો**

તાજેતરમાં ગૂગલ ડૂડલ્સે વિશ્વના પ્રથમ જાણીતા એસ્પ્રેસો મશીનના શોધક શ્રી એન્જેલો મોરીઓન્ડોને તેમની 171મી જન્મજંયતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રી એન્જેલો મોરિઓન્ડોનો જન્મ 6 જૂન, 1851ના રોજ ઈટાલીના તુરીનમાં થયો હતો. તેમણે વર્ષ 1884માં એસ્પ્રેસો મશીનની શોધ કરી હતી. આ મશીન કોફીને ઉકાળવા માટે જાણીતું છે.

➤ **વર્લ્ડ સમિટ ઓફ ઈન્ફોર્મેશન સોસાયટી 2022**

તાજેતરમાં કેન્દ્રીય સંચાર મંત્રીએ સ્વિત્ઝર્લેન્ડના જિનીવામાં ‘વર્લ્ડ સમિટ ઓફ ઈન્ફોર્મેશન સોસાયટી’ (WSIS) 2022ના ઉદ્‌ઘાટન સમારોહમાં ભાગ લીધો હતો. જ્યાં ભારતે બહુપક્ષીય અને દ્વિપક્ષીય ક્રિયાપ્રતિક્રિયાઓ દરમિયાન તેની દૂરસંચાર કૌશલ્ય પ્રદર્શિત કરી હતી. વર્ષ 2023-2026 માટે ઈન્ટરનેશલ ટેલિકોમ્યુનિકેશન યુનિયન (ITU) કાઉન્સિલના અધ્યક્ષ તરીકે ભારતની પુનઃચૂંટણી સાથે ભાગીદારીનું સમાપન થયું હતું. ભારત 1869થી ITUનું સભ્ય છે અને સંઘની બાબતો અને પ્રવૃત્તિઓમાં સક્રીયાપણે ભાગ લઈ રહ્યું છે. આ ભાગીદારી ITU કાઉન્સિલ માટે ભારતની પુનઃચૂંટણી સાથે એકરૂપ છે.

➤ **બોલાત તુર્લીખાનોવ કપ કુસ્તી સ્પર્ધા**

કઝાકિસ્તાનમાં બોલાત તુર્લીખાનોવ કપ કુસ્તી સ્પર્ધામાં ભારત 12 મેડલ સાથે બીજા ક્રમે રહ્યું હતું. જેમાં 6 ગોલ્ડ, એક સિલ્વર અને પાંચ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ભારતના છ ગોલ્ડ મેડલમાંથી પાંચ મેડલ મહિલા સ્પર્ધકોએ જીત્યા હતા. ઈરાન 14 મેડલ સાથે મેડલ ટેલીમાં ટોચ પર છે. જેમાં સરિતા મોરેએ 59 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ, મનીષાએ 65 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ, માનસી અહલાવતે 57 કિગ્રા અને સાક્ષી મલિકે 62 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તથા દિવ્યા કાકરાએ પણ 68 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. પુરુષોમાં અમન સહેરાવતે 57 કિગ્રા વજન વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે 65 કિગ્રા વજન વર્ગમાં બજરંગ પુનિયાએ બ્રોન્ઝ મેડલ, 125 કિગ્રા વર્ગમાં મોહિત ગ્રોવાલ અને 63 કિગ્રા વજન વર્ગમાં નીરજે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. બોલાત તુર્લીખાનોવ કપ કુસ્તી સ્પર્ધા 2 થી 5 જૂન દરમિયાન કઝાકિસ્તાનના અલ્માટીમાં યોજાઈ હતી.

➤ **નાસાનું 'DAVINCI' મિશન'**

નાસા 'DAVANCI મિશન' નામનું મિશન શરૂ કરવા જઈ રહ્યું છે. DAVANCIનો અર્થ છે ‘Deep Atmosphere venus Investigation of Nobel Gases, Chemistry and Imaging mission’. આ મિશન 2029માં શુક્રની નજીક ઉડાન ભરશે અને કઠોર વાતાવરણનું અન્વેષણ કરશે. આ અવકાશયાન શુક્ર ગ્રહના સ્તરીય વાતાવરણની શોધ કરશે. તે જૂન 2031 સુધીમાં શુક્રની સપાટી પર પહોંચી જશે. આ મિશન શુક્ર વિશે ડેટા મેળવશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનની પ્રેરક ઉપસ્થિતિમાં 'રાષ્ટ્ર નિર્માણમાં કેન્દ્રીય જાહેર સાહસો CPSEના યોગદાન' અંગેના ત્રિદિવસીય પ્રદર્શનનો ..........ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો. – મહાત્મા મંદિર, ગાંધીનગર
- BSIના વૈજ્ઞાનિકોએ કયા રાજ્યમાં 'ભારતીય લિપસ્ટિક છોડ'ની શોધ કરી છે ? – અરૂણાચલ પ્રદેશ
- તાજેતરમાં કયા રાજ્યમાં ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સની શરૂઆત થઈ છે ? – હરિયાણા
- શ્રી એન્જેલો મેરિઓન્ડો સાથે કઈ શોધ સંકળાયેલી છે ? – એસ્પ્રેસો મશીન
- .........માં IAF હેરિટેજ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે. – ચંદીગઢ
- .......દેશમાં બોલત તુર્લીખાનોવ કપ કુસ્તી સ્પર્ધામાં ભારત 12 મેડલ સાથે .........ક્રમે રહ્યું હતું. – કઝાકિસ્તાન, બીજા
- તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા PFMSનું સિંગલ નોડલ એજન્સી (SNA) ડેશબોર્ડ શરૂ કરવામાં આવ્યું છે ? – નાણા મંત્રાલય
- તાજેતરમાં કોણે રેકોર્ડ 105 કલાક 33 મિનિટમાં 75 કિ.મી લાંબો બિટ્યુમિનસ કોંક્રીટ રોડ બનાવીને ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવ્યું છે ? – NHAI
- તાજેતરમાં સૂફી ઉત્સવનું આયોજન કયાં થયું હતું ? – જમ્મુ–કાશ્મીર
- DAVINCI મિશન કઈ સ્પેસ એજન્સી સાથે સંકળાયેલું છે ? – NASA
- તાજેતરમાં .............જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'નન્હી પરી' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. – દિલ્હી
- તાજેતરમાં ભારત સરકારે 10 ઈન–ઓર્બિટ કમ્યુનિકેશન સેટેલાઈટ ..........ને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી છે. – NSIL

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. તાજેતરમાં ભાવનગર શહેરે કેટલામાં વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે ? – 300 માં

(ભાવનગર શહેરે 299 વર્ષ પૂર્ણ કરી તેના 300માં વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. ભાવનગર શહેરના 300માં સ્થાપના દિન પ્રસંગે ત્રિ–દિવસીય ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.)

2. દેશનું પ્રથમ ખાનગી દંત સંગ્રાહલય કયા સ્થળે આવેલું છે ? – વડોદરા

3. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કયા સ્થળે 'ગરીબ કલ્યાણ સંમેલન'નો રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો ? – મહાત્મા મંદિર, ગાંધીનગર

(આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દેશવ્યાપી ગરીબ કલ્યાણ સંમેલનમાં કેન્દ્ર સરકારની વિવિધ ગરીબ કલ્યાણલક્ષી યોજનાના લાભાર્થીઓ સાથે શિમલાથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા સંવાદ કર્યો હતો.)

4. તાજેતરમાં કયા સ્થળે 'ગુજરાત ગાર્ડિયન દશાબ્દી મહોત્સવ' યોજાયો હતો ? – સુરત

5. પ્રવાસન મંત્રાલયે કઈ સંસ્થા સાથે મળીને 'નેશનલ સ્ટ્રેટેજી ફોર સસ્ટેનેબલ ટુરિઝમ'ની શરૂઆત કરી છે ? – UNEP

6. કયા રાજ્યએ સગર્ભા સ્ત્રીઓ માટે 'આંચલ' નામની વિશેષ આરોગ્ય સંભાળ યોજના શરૂ કરી છે ? – રાજસ્થાન

7. 2021-22 માટે 'કર્મચારી ભવિષ્ય નિધિ' (EPF) થાપણો માટે સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ વ્યાજનો નવો દર શું છે ? – 8.1%

8. ક્રેડિટ લિંક્ડ સરકારી યોજનાઓ માટે શરૂ કરાયેલ નવા રાષ્ટ્રીય પોર્ટલનું નામ શું છે ? – જન સમર્થ પોર્ટલ

9. ઓલ ઈન્ડિયા રબર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (AIRA) અનુસાર 2 બિલિયન ડોલરના નોન–ટાયર રબર સેક્ટરે વર્ષ ............સુધીમાં તેની નિકાસ બમણી કરવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. – 2025

10. તાજેતરમાં કયા રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં રાષ્ટ્રીય આદિજાતી સંશોધન સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી

11. તાજેતરમાં કયા દેશે બહુરાષ્ટ્રીય શાંતિ કવાયત 'એક્સ ખાન ક્વેસ્ટ 2022'નું આયોજન કર્યુ હતું ? – મેંગોલિયા

12. બાઈખો ઉત્સવ (Baikho Festival) અથવા બેખો ઉત્સવ ભારતમાં કયા રાજ્યના ઉજવવામાં આવે છે ? – આસામ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)એ કઈ સંસ્થા દ્વારા ડોર્નિયર એરક્રાફ્ટ અને SU-30 MKI એરો–એન્જિનના ઉત્પાદનને મંજૂરી આપી હતી ? – HAL

(સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ (DAC)એ સ્થાનિક ઉદ્યોગો પાસેથી રૂ. 76,390 કરોડના લશ્કરી સાધનો અને પ્લેટફોર્મની ખરીદીને મંજૂરી આપી હતી. DACએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા ડોર્નિયર એરક્રાફ્ટ અને SU-30 MKI એરો–એન્જિનના ઉત્પાદનને મંજૂરી આપી છે. તેમણે ભારતીય નૌકાદળ માટે આશરે રૂ. 36,000 કરોડના અંદાજિત ખર્ચે નેક્સ્ટ જનરેશન કોર્વેટ્સને પણ મંજૂરી આપી હતી.)

14. તાજેતરમાં ....................એ નાસા અને લુનર પ્લેન્ટરી ઈન્સ્ટિટ્યૂટ સાથેની ભાગીદારીમાં ચંદ્રનો એક વ્યાપક નકશો બહાર પાડ્યો છે, જેને 'યુનિફાઈડ જિયોલોજિક મેપ ઓફ ધ મૂન' કહે છે.

– યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (USGS)

15. મહારાષ્ટ્ર સ્ટેટ વાઈલ્ડલાઈફ બોર્ડ (MSBWL)એ તાજેતરમાં વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ ચળવળને વેગ માપવા માટે ......નવા સંરક્ષણ અનામત અને .....વન્યજીવ અભયારણ્યોને મંજૂરી આપી છે. – 12, 3

16. 'લોકતંત્ર કે સ્વર' અને 'રિપબ્કિન એથિક્સ' કયા ભારતીય વ્યક્તિના પસંદગીના ભાષણો છે ? – શ્રી રામનાથ કોવિંદ

(કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન અને માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના 'લોકતંત્ર કે સ્વર' અને 'રિપબ્લિકન એથિક્સ' શિર્ષવાળા પસંદ કરેલા ભાષણોના વોલ્યુમ 4નું વિમોચન કર્યું હતું. આ પુસ્તકો માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે.)

17. કેન્દ્રીય કેબિનેટે બાયોમેડિકલ ઉપકરણો અને ટેકનોલોજીના ક્ષેત્રમાં કયા દેશ સાથે MoU પર હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી છે ? – અમેરિકા

18. ..........રાજ્ય સરકાર ડિંડીગ્રલ જિલ્લામાં સિરુમલાઈ હિલ રેન્જમાં જૈવવિવિધતા પાર્ક વિકસાવી રહી છે. – તમિલનાડુ

19. નાના ઉદ્યોગને ટેકો આપવા માટે કયા સોશિયલ મીડિયા પ્લેટફોર્મએ 'SMBSathi ઉત્સવ' શરૂ કર્યુ છે ?

– WhatsApp

20. બ્રિટિશ કાઉન્સિલના 'ભારત–યુકે ટુગેધર 2022, અ સિઝન ઓફ કલ્ચર'ના સિઝન એમ્બેસેડર તરીકે કયા ભારતીય વ્યક્તિનું નામ આપવામાં આવ્યું છે ? – એ.આર.રહેમાન

21. કયા કેન્દ્રીય મંત્રાલયે 'ગ્રીન ઓપન એક્સેસ ટૂલ્સ 2022' લોન્ચ કર્યુ છે ? – વિદ્યુત મંત્રાલય

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.

ICE®

# INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC<br>WEEKLY CURRENT AFFAIRS<br>Free Download |

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ **Social Media Icon** પર **Click** કરો.